CMYK CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક


સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૧૦ — ગુરૂવાર, તા.૧૮-૦૪-૨૦૨૪ — અંક : ૨૨૦ વર્ષ : ૨૧ — e-mail : sauaajtak@gmail.com — કિંમત રૂા. ૨-૫૦ — પાના - ૮



## રામમય બન્યું ભારત : રામલલાના ભાલે સુર્યતિલક

**૫૦૦ વર્ષ બાદ અયોધ્યામાં શાનદાર રીતે રામનવમીની ઉજવણી : રામજન્મોત્સવ નિમિત્તે ૧૨ લાખથી વધુ ભાવિકો પહોચ્યા : દેશભરમાં જન્મોત્સવની થઈ ઉજવણી**

અયોધ્યા,
દેશભરમાં રામ નવમીનો પવિત્ર તહેવાર ઉજવવામાં આવ્યો ખાસ કરીને અયોધ્યામાં ભવ્ય રામમંદિરનું નિર્માણ અને રામલલાની સ્થાપના બાદ આ પ્રથમ રામનવમી હોય દેશભરમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

આજે અયોધ્યા રામ મંદિરમાં ભગવાન શ્રી રામની મૂર્તિને સુર્યતિલક કરવામાં આવ્યું હતું. તે ક્ષણ અદભૂત બની રહી હતી. રામ નવમીના દિવસે સવારે ૩.૩૦ કલાકે મંદિરના કપાટ ખુલતા જ ભક્તોનો ધસારો જોવા મળ્યો હતો. બપોરે ૧૨ વાગ્યે સૂર્યના કિરણોથી લગભગ ૪ મિનિટ સુધી રામલલાનું સૂર્યતિલક કરવામાં આવ્યું હતું ત્યારે રામમંદિર પરિસર રામનામના જયઘોષથી ગુંજી ઉઠ્યુ હતું. આ પવિત્ર દિવસે ૧૨ લાખ ભાવિકો રામલલાના દર્શને અયોધ્યા પહોચ્યા હતા. મંદિર સતત ૧૯ કલાક સુધી એટલે કે રાત્રે ૧૨ વાગ્યા સુધી રામલલાના દર્શન માટે ખુલ્યુ રહ્યું હતું.


### મોદીએ 'સૂર્ય તિલક'ના દર્શન હેલિકોપ્ટરમાંથી કર્યા



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભગવાન રામને સૂર્યતિલકના દર્શન હેલિકોપ્ટરમાં પ્રવાસ દરમિયાન ટેબલેટમાં કર્યા હતા. આજે વડાપ્રધાન મોદીએ આસામના નલબારીમાં રેલીને સંબોધતા પીએમ મોદીએ ત્યાં હાજર લોકોને રામ નવમીની શુભકામનાઓ પાઠવી હતી. આ ખાસ અવસર પર તેણે પોતાના ફોનની ફ્લેશ લાઈટ ચાલુ કરી અને લોકોને રામ લલ્લાના સૂર્ય તિલક સાથે જોડાવા માટે આહ્વાન પણ કર્યું.

## ભાવનગર, જૂનાગઢ અને પોરબંદરમાં સિવિયર હિટવેવની આગાહી

**તાપમાનનો પારો ૪૩ ડિગ્રી સેલ્સિયસથી પણ વધી શકે છે**



અમદાવાદ,
ગુજરાત પર ગત સપ્તાહમાં વેસ્ટન ડિસ્ટર્બન્સને કારણે જે સાઈક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું હતું એની અસર પૂર્ણ થયા બાદ ગુજરાતના તમામ જિલ્લાનું મહત્તમ તાપમાન વધ્યું છે. એમાં ૧૫ એપ્રિલના રોજ કેટલાક જિલ્લાઓમાં હળવા વરસાદ બાદ ૧૬ એપ્રિલથી ફરી એક વખત તાપમાનનો પારો ઊંચકાયો છે, જે આગામી ૩-૪ દિવસ સુધી રહેશે. ત્યાર બાદ હવામાન વિભાગની આગાહી અનુસાર બે ડિગ્રી જેટલા તાપમાનમાં ઘટાડાની શક્યતા છે.

રાજ્યભરમાં તાપમાનનો પારો સતત વધી રહ્યો છે. ગઈકાલે પણ રાજ્યના ૧૦ જેટલા જિલ્લાઓમાં મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયો હતો. ત્યારે આજે પણ અનેક જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીથી વધે એવી શક્યતા છે. જ્યારે ગુજરાતના ત્રણ જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે તથા કચ્છમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાક માટે સૌરાષ્ટ્રના ત્રણ જિલ્લામાં, એટલે કે ભાવનગર, જૂનાગઢ અને પોરબંદરમાં સિવિયર હિટવેવની આગાહી કરી છે. ભાવનગર અને જૂનાગઢમાં આગામી ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાનનો પારો ૪૩ ડિગ્રી સેલ્સિયસથી પણ વધી શકે છે.

આ ઉપરાંત રાજ્યભરના મોટા ભાગના જિલ્લાનું મહત્તમ તાપમાન આજે ૪૨ ડિગ્રીથી વધુ રહે એવી શક્યતા છે. ત્યારે અમદાવાદ શહેરમાં પણ શહેરીજનોને હજી ૪૨ ડિગ્રી સેલ્સિયસ ગરમીમાં શેકાવું પડશે. હજુ બે દિવસ માટે શહેરીજનોને આ જ પ્રકારે ગરમી સહન કરવી પડશે. ત્યાર બાદ તાપમાનમાં બે ડિગ્રી જેટલો ઘટાડો થઈ શકે છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન પણ ભાવનગરના મહુવાનું મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી સેલ્સિયસ પહોંચ્યું હતું.

**ભાવનગરના મહુવાનું ૪૩ ડિગ્રી તાપમાન : રાજ્યના ૧૦ જિલ્લાઓમાં મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધુ**

## અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર ટેન્કર પાછળ કાર ઘૂસી જતાં ૧૦નાં મોત

**ટેન્કરમાં ખામી સર્જાઈ હોવાના કારણે રસ્તાની સાઈડમાં ઊભું હતું**



નડીયાદ
અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર નડિયાદ પાસે કાર અને ટેન્કર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતાં ૧૦ લોકોનાં મોત નીપજ્યાં છે. વડોદરાથી અમદાવાદ તરફ આવી રહેલી કાર ટેન્કરની પાછળ ઘૂસી જતાં કારમાં સવાર તમામ લોકોનાં મોત નીપજ્યાં હતાં. પોલીસ દ્વારા ચાર મૃતકની ઓળખ કરી લેવામાં આવી છે, જ્યારે અન્ય ૬ની ઓળખ મેળવવા માટે તપાસ હાથ ધરી છે. મૃતકો અલગ અલગ શહેરના હોવાનું સામે આવ્યું છે.

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર એક કાર વડોદરાથી અમદાવાદ તરફ જઈ રહી હતી ત્યારે નડિયાદ નજીક ટેન્કર પાછળ ધડાકાભેર ઘૂસી જતાં હાઈવે પર મરણચીસો ગુંજી ઊઠી હતી. ટેન્કર પાછળ જે કાર ઘૂસી ગઈ એમાં કુલ ૧૦ લોકો સવાર હતા, જેમાંથી ૮ લોકોનાં ઘટનાસ્થળ પર જ મોત નીપજ્યાં હતાં, જ્યારે બે લોકોને ગંભીર ઈજા થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન તેમનાં પણ મોત નીપજતાં કુલ મૃત્યુઆંક ૧૦ થયો છે.

## શાબાશ, જોરદાર કામ કર્યું : ગૃહમંત્રી અમિત શાહ

**છત્તીસગઢમાં સાડા પાંચ કલાક ચાલ્યું એન્કાઉન્ટર : ૨૯ નક્સલવાદીઓ ઠાર**

નવીદિલ્હી,
કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે છત્તીસગઢના કાંકેર જિલ્લાના માડ વિસ્તારમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચેના એન્કાઉન્ટરમાં સુરક્ષા દળોને મળેલી મોટી સફળતા પર ખુશી વ્યક્ત કરી છે. તેમણે સુરક્ષા દળોના ઓપરેશનની પ્રશંસા કરી છે અને કહ્યું છે કે ટૂંક સમયમાં જ દેશ નક્સલવાદથી મુક્ત થઈ જશે.અમિત શાહે આગળ લખ્યું કે, "નકસલવાદ એ વિકાસ, શાંતિ અને યુવાનોના ઉજ્જવળ ભવિષ્યનો સૌથી મોટો દુશ્મન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અમે દેશને નક્સલવાદના ડંખથી મુક્ત કરવા માટે કટિબદ્ધ છીએ. સરકારની આક્રમક નીતિ અને સુરક્ષા દળોના પ્રયાસોને કારણે આજે નક્સલવાદનો પ્રભાવ નાના ક્ષેત્ર સુધી જ રહ્યો છે. ટૂંક સમયમાં છત્તીસગઢ અને આખો દેશ નક્સલવાદથી સંપૂર્ણપણે મુક્ત થઈ જશે.

આ ઓપરેશનમાં સુરક્ષા દળોએ ૨૯ નક્સલીઓને ઠાર કર્યા છે. તમામ મૃતદેહો મળી આવ્યા છે. જેમાં નક્સલવાદી નેતા શંકર રાવ પણ સામેલ છે. આ અથડામણમાં BSFના ઈન્સ્પેક્ટર રમેશ ચૌધરી સહિત ત્રણ જવાન ઘાયલ થયા છે. સુરક્ષા દળોની કામગીરીની પ્રશંસા કરતા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે માઈક્રોબ્લોગિંગ સાઈટ પર લખ્યું છે કે હું ઘાયલ થયેલા બહાદુર પોલીસકર્મીઓના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરું છું.

સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે સાડા પાંચ કલાક સુધી અથડામણ ચાલી હતી.

## સિસ્ટમને તોડી પાડવાનો પ્રયાસ કરશો નહીં : સુપ્રિમ કોર્ટ

**વિવિપીએટીના તમામ મત ગણવાની અરજીના અનુસંધાને અદાલતે ટકોર કરી જણાવ્યું વિશ્વાસ હોવા જરૂરી છે**

નવીદિલ્હી,તા.૧૭
અમારી ઉંમર ૬૦થી વધુ છે. અમે બધા જાણીએ છીએ કે જ્યારે બેલેટ પેપર હતા ત્યારે શું થયું હતું, તમે ભૂલી ગયા હશો પણ અમે ભૂલ્યા નથી. જ્યાં સુધી બેલેટ બોક્સ અથવા બેલેટ પેપરનો સંબંધ છે, આપણે બધા તેમની ખામીઓ જાણીએ છીએ. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન પહેલા સુપ્રીમ કોર્ટે આ મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે.બે ન્યાયાધીશોની બેન્ચ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) સંબંધિત અરજી પર સુનાવણી કરી રહી હતી. અરજીમાં,વીવીપીએટી એટલે કે વોટર-વેરિફાઈબલ પેપર ઓડિટ ટ્રેલ દ્વારા ઈવીએમ મતોની ૧૦૦% ચકાસણીની માંગ કરવામાં આવી છે. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેન્ચે પણ અન્ય દેશો સાથે સરખામણી કરવા પર વાંધો વ્યક્ત કર્યો હતો. અરજદારોના વકીલે દલીલ કરી હતી કે ઘણા યુરોપિયન દેશો પેપર બેલેટ પર પાછા ફર્યા છે. જર્મનીના ઉલ્લેખ પર જસ્ટિસ દત્તાએ કહ્યું, 'મારા ગૃહ રાજ્ય પશ્ચિમ બંગાળની વસ્તી જર્મની કરતા વધુ છે.' લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કા માટે ૧૯ એપ્રિલે મતદાન થવાનું છે.એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ પણ ૧૦૦% વીવીપીએટી વેરિફિકેશનની માંગણી કરનારાઓમાંનું એક છે. એડીઆર વતી વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણ હાજર થયા હતા. અન્ય અરજીકર્તાઓ તરફથી વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણન, આનંદ ગ્રોવર અને હુઝેફા અહમદી હાજર રહ્યા હતા. ભૂષણે દલીલ કરી હતી કે યુરોપના ઘણા દેશો ચૂંટણી માટે પેપર બેલેટ સિસ્ટમ પર પાછા ફર્યા છે. ભૂષણે પોતાની દલીલમાં જર્મનીનો ઉલ્લેખ કર્યો હતો. તેના પર સુપ્રીમ કોર્ટે પૂછ્યું, 'જર્મનીની વસ્તી કેટલી છે? અને ભારતમાં કેટલા લોકો મત આપે છે? ભારતમાં લગભગ ૯૮ કરોડ મતદારો છે અને તેમાંથી ૬૦% મતદાન કરે છે... તો તમે કહો છો કે ૬૦ કરોડ વીવીપીએટીની ગણતરી કરવી જોઈએ.

સુપ્રીમે કહ્યું કે ભારતની સરખામણી ઓછી વસ્તીવાળા દેશો સાથે ન થઈ શકે. કોર્ટે કહ્યું કે, ભારત જેવા મોટા દેશમાં ચૂંટણી કરાવવી એક મોટું કામ છે.

## ચૂંટણી પંચે Xને ચાર ચૂંટણી પોસ્ટ દૂર કરવાનો કર્યો આદેશ

**આ કેવા પ્રકારની અભિવ્યક્તિની સ્વતંત્રતા? - Xની પ્રતિક્રિયા**

નવીદિલ્હી,
લોકસભા ચૂંટણી ૨૦૨૪ને અનુલક્ષી ચૂંટણી પંચ રાજકીય પક્ષોના ભાષણો સાથે તેમની સોશિયલ મીડિયા પોસ્ટ પર પણ સતત નજર રાખી રહ્યું છે. આ ક્રમમાં, ECIએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠને ચાર ચૂંટણી પોસ્ટ દૂર કરવાનો આદેશ આપ્યો. આ પોસ્ટ્સ આમ આદમી પાર્ટી, વાયએસઆર કોંગ્રેસ, એન ચંદ્રબાબુ નાયડુ અને બિહારના ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરીએ મૂકી હતી. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, આ તમામ સોશિયલ મીડિયા પોસ્ટ આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ દૂર કરવામાં આવી છે. બીજી તરફ એલોન મસ્કની કંપની X એ ચૂંટણી પંચના આદેશનું પાલન કર્યું અને પોસ્ટ હટાવી તો દીધી, પરંતુ એમ પણ કહ્યું કે તે તેની સાથે સંમત નથી કારણ કે તે અભિવ્યક્તિની સ્વતંત્રતાની વિરુદ્ધ છે.ચૂંટણી પંચની સૂચનાઓનું પાલન કરતાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Xએ કહ્યું,ભારતના ચૂંટણી પંચે ઠ ને ચૂંટાયેલા રાજકારણીઓ, રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા શેર કરાયેલ રાજકીય ભાષણ ધરાવતી પોસ્ટ્સ પર પગલાં લેવા માટે જરૂરી આદેશો જારી કર્યા છે.

## પ્રથમ તબક્કાના મતદાન માટે ચૂંટણી પ્રચાર પુરો શુક્રવારે મતદાન

**પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યોની ૧૦૨ લોકસભા સીટો પર મતદાન, જેમાં તમિલનાડુની તમામ ૩૯ બેઠકનો છે સમાવેશ**

નવીદિલ્હી,તા.૧૭
લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટેનો ચૂંટણી પ્રચાર આજે સમાપ્ત થયો છે પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યોની ૧૦૨ લોકસભા બેઠકો માટે ૧૯ એપ્રિલે મતદાન થશે. ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર, જે બેઠકો પર પ્રથમ તબક્કામાં મતદાન થવાનું છે, ત્યાં હવે જાહેર સભા કે સરઘસ રોડ શો કરી શકાશે નહીં જોકે ઉમેદવારો ઘેર ઘેર જઇ ચુંટણી પ્રચાર કરી શકશે.પ્રથમ તબક્કાની ચુંટણીના પ્રચારના અંતે વિવિધ રાજકીય પક્ષોના આગેવાનોએ પોત પોતાના પક્ષના પ્રચાર માટે રોડ શો,રેલીઓ અને જાહેરસભાનું આયોજન કર્યું હતું

પ્રથમ તબક્કામાં જે ૨૧ રાજ્યોમાં મતદાન થશે તેમાં બિહાર, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢ રાજ્યોની બેઠકોનો પણ સમાવેશ થાય છે. આ તબક્કામાં ઉત્તર પ્રદેશમાંથી ૮, બિહારમાંથી ૪, પશ્ચિમ બંગાળમાંથી ૩, રાજસ્થાનમાંથી ૧૨, મધ્યપ્રદેશમાંથી ૬, ઉત્તરાખંડમાંથી ૫, આસામમાંથી ૪, મેઘાલયમાંથી ૨, મણિપુરમાંથી ૨, છત્તીસગઢમાંથી ૧, અરુણાચલમાંથી ૨ , મહારાષ્ટ્રમાં ૫, તામિલનાડુમાં ૩૯, મિઝોરમમાં ૧, નાગાલેન્ડમાં ૧, સિક્કિમમાં ૧, ત્રિપુરામાં ૧, આંદામાન અને નિકોબારમાં ૧, જમ્મુ અને કાશ્મીરમાં ૧, લક્ષદ્વીપમાં ૧ સીટો પર મતદાન થશે. પુડુચેરી. આ તમામ બેઠકો પરનો ચૂંટણી પ્રચાર આજે બંધ થઈ ગયો છે

ઉત્તર પ્રદેશની જે નવ બેઠકો પર મતદાન થવાનું છે તેમાં સહારનપુર, કૈરાના, મુઝફ્ફરનગર, બિજનૌર, નગીના, મુરાદાબાદ, રામપુર અને પીલીભીતનો સમાવેશ થાય છે. રાઘવ લખનપાલ ફરી એકવાર સહારનપુરથી ચૂંટણી લડી રહ્યા છે. તે જ સમયે, આ વખતે યોગી સરકારમાં મંત્રી રહેલા જિતિન પ્રસાદને પીલીભીત બેઠક પરથી ટિકિટ મળી છે. જ્યારે ભાજપે કૈરાનાથી પ્રદીપ ચૌધરીને મેદાનમાં ઉતાર્યા છે.

પ્રથમ તબક્કામાં બિહારની ચાર બેઠકો પર મતદાન થશે. આ ચાર બેઠકોમાં ઔરંગાબાદ, ગયા, જમુઈ અને નવાદાનો સમાવેશ થાય છે.એલજેપી (રામ વિલાસ) ના અરુણ ભારતી જમુઈથી મેદાનમાં છે. અરુણ ભારતી પાર્ટી સુપ્રીમો ચિરાગ પાસવાનના સાળા છે. જ્યારે બીજેપીએ ઔરંગાબાદ સીટ પર સુશીલ કુમાર સિંહને ટિકિટ આપી છે. તેમની સ્પર્ધા આરજેડીના અભય કુમાર સિંહા સામે છે.

પ્રથમ તબક્કામાં મધ્યપ્રદેશની છ લોકસભા બેઠકો પર મતદાન થશે. આ છ બેઠકોમાં છિંદવાડા, બાલાઘાટ, જબલપુર, મંડલા, સિધી અને શહડોલ બેઠકોનો સમાવેશ થાય છે. છિંદવાડાને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના નેતા કમલનાથના ગઢ તરીકે પણ ઓળખવામાં આવે છે. છિંદવાડામાં કોંગ્રેસે કમલનાથના પુત્ર નકુલ નાથને મેદાનમાં ઉતાર્યા છે.

CMYK CMYK

# અમરેલી જિલ્લામાં ચુનાવ પાઠશાળા થકી નાગરિકોને મળે છે મતદાનના મહત્વની સમજ

## અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા લોકસભાની ચૂંટણી અનુસંધાને મતદારોને જાગૃત કરવા વિવિધ કાર્યક્રમો યોજાયા

(અતુલ કારિયા) અમરેલીઃ

સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત અમરેલી જિલ્લામાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવામાં આવી રહી છે.

ખર્ચ નોડલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ખાતે ખાનગી તબીબો સાથે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો હતો. નાગરિકોમાં મતદાન માટે જાગૃત્તિ આવે તે માટે ખાનગી તબીબશ્રીઓ સહભાગી થશે. તબીબીઓએ મતદાન માટે નાગરિકોને મતદાનના મહત્વ વિશે સમજાવી તેને મતદાન કરવા માહિતી અને માર્ગદર્શન આપવામાં આવશે.

અમરેલી તાલુકાના વાંકિયા ગામે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો હતો. ચૂંટણી ફરજ પરના અધિકારી-કર્મચારીશ્રીઓ દ્વારા ગ્રામજનોને મતદાનના મહત્વ વિશે સમજાવી મતદાન કરવા માર્ગદર્શન આપ્યું હતું. મતદાતા જાગૃત્તિ કાર્યક્રમમાં નાગરિકોએ



મતદાનના શપથ લીધા હતા.

અમરેલીના ઔદ્યોગિક વિસ્તારોમાં કાર્યરત એકમોમાં કાર્યરત શ્રમિકોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. વિવિધ ઔદ્યોગિક એકમોના માલિકોને શ્રમિક-મતદારોને મતદાનના દિવસે સવેતન રજા આપવા અંગે સમજૂતી આપવામાં આવી હતી. શ્રમિકોએ મતદાન શપથ લીધા હતા. ધારી તાલુકાના લાખાપાદર ગામે ધારી તાલુકા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં "ચુનાવ પાઠશાલા" કાર્યક્રમ યોજાયો. ધારી તાલુકાના વીરપુર ગામે ધારી તાલુકા મામલતદારશ્રીના અધ્યક્ષ સ્થાને "ચુનાવ પાઠશાલા" કાર્યક્રમ યોજાયો હતો. ચૂંટણી ફરજ પરના અધિકારી-કર્મચારીશ્રીઓએ નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવી વધુમાં વધુ મતદાન કરવા અનુરોધ કર્યો હતો.

મહિલાઓને મતનું મૂલ્ય સમજાવી મતદાન કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકોએ મતદાન શપથ લીધા હતા. ખાંભા તાલુકાના નાના વિસાવદર મુકામે ખાંભા તાલુકા મામલતદારશ્રીના અધ્યક્ષસ્થાને "ચુનાવ પાઠશાલા" કાર્યક્રમ યોજાયો હતો. મતદારોને મતદાનનું મહત્વ સમજાવી, મતદાન કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નાગરિકોએ મતદાનના શપથ લીધા હતા.

સાવરકુંડલા શહેર વિસ્તારમાં ખેલ સ્પર્ધાના માધ્યમથી મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સાવરકુંડલા નગરપાલિકા અને તાલુકા કક્ષાના ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ દ્વારા નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવવા અને મતદાન કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. બાબરામાં મતદાન જાગૃતિ માટે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બાઈક રેલીમાં લાઠી-બાબરા પ્રાંત અધિકારીશ્રી, બાબરા તાલુકા કક્ષાએ ફરજ બજાવતા અધિકારી-કર્મચારીશ્રીઓ આ બાઈક રેલીમાં જોડાયા હતા. નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવી મતદાન કરવાનો સંદેશ પ્રસરાવ્યો હતો.

# શ્રધ્ધાનો આધારઃ મધ્ય ગિરમાં આવેલું શ્રી કનકાઈ માતાજીનુ મંદીર





ઉનાઃ

શકિતપુજા નું ઐતિહાસિક સ્થળ છે.તો આજે ચૈત્રી હવનાષ્ટમીનાં પાવન દીવસે આજે અમે આપને શકિત પીઠ એવા કનકાઈ માતાજી મંદીરનાં દર્શન કરાવીશું શ્રી કનકાઈ માતાજીનું આ મંદીર મધ્ય ગીરમાં આવેલુ છે.આ સ્થળે જવા માટે દિવસ દરમિયાન જવુ પડે છે.કારણકે જંગલ ખાતાની ચેક પોસ્ટથી સાંજનાં ૫ વાગ્યા પછી અવર જવરની મનાઈ હોય છે આજે ચૈત્રી નવરાત્રી ચાલતી હોય સેંકડો શ્રદ્ધાળુઓ અહીં માતાનાં દર્શને પહોંચ્યા હતા.અહીં સાતમ,આઠમને દિવસે દિવ્ય હવન અને રામનવમીના દિવસે પ્રસિદ્ધ કથાકાર સીતારામ બાપુ દ્વારા વર્ષોથી અહીં ભવ્ય રીતે રામ જન્મોત્સવની ઉજવણી કરાવવામાં આવે છે. ભજન,ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ અહીં જોવા મળ્યો હતો.માઁ કનકાઈની અનેક લોકો માનતા રાખે છે.માતાજીનાં મંદિર ની પાછળનાં ભાગે માઁ કનકાઈના ભાઈ ભુદરજી દાદાનું નાની દેરી આવેલી છે. તેઓનું પણ ખૂબ મહત્વ છે.નિઃસંતાન દંપતિઓને માઁ કનકાઈ ખોળાનો ખૂંદનાર આપે છે.હાલમાં ચૂંટણીનો માહોલ ચાલતો હોય અનેક રાજકીય અગ્રણી ઓ પણ પોતાની પાર્ટી અને ઉમેદવાર જીતે તે માટે માનતા રાખે છે.

# અમરેલી ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના તબીબો સાથે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો

## ખર્ચ નોડલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં મતદાન જાગૃતિ માટે તબીબોની સહભાગીપણા માટે ચર્ચા

અમરેલીઃ સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEE̐) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત અમરેલી જિલ્લામાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવામાં આવી રહી છે. આ કડીના ભાગરુપે ખર્ચ અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) નોડલ અધિકારીશ્રી અને અમરેલી જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યાના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ખાતે 'ચુનાવ પાઠશાલા' કાર્યક્રમ યોજાયો હતો. અમરેલી ઈન્ડિયન મેડીકલ એસોસિએશન (આઈએમએ) તબીબો સાથે યોજાયેલા કાર્યક્રમમાં અમરેલીના તબીબોને આગામી લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે તબીબશ્રીઓને સહયોગ આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આગામી લોકસભાની ચૂંટણી દરમિયાન વધુમાં વધુ મતદાન માટે તબીબોના સહયોગ અંગે ચર્ચા કરી હતી. અમરેલી લોકસભા મતવિસ્તારમાં કાર્યરત તબીબો તેમની સાથે સંકળાયેલા નાગરિકોને લોકશાહીના મહાપર્વમાં મતદાન માટે જાગૃત કરવા માટે અગત્યની ભૂમિકા ભજવી શકે છે. તબીબો નાગરિકોને સ્વાસ્થ્ય સેવા પૂરી પાડે છે. મતદાન જાગૃત્તિ માટે પણ સેવા આપી અને મતદાન માટે જાગૃત્તિ પ્રસરાવશે. આ બેઠકમાં આઈએમએ અમરેલીનાં તબીબો દ્વારા સ્વૈચ્છિક રીતે વધુમાં વધુ મતદાન થાય તેની જનજાગૃત્તિમાં સહયોગ આપવા સહમતિ આપવામાં આવી હતી. આ બેઠકમાં આઈ.એમ.એમ અમરેલીના ડો.જી.જે.ગજેરા પ્રમુખશ્રીશ્રી-આઈએમએ, જનરલ સર્જનશ્રીઓ, રેડિયોલોજીસ્ટશ્રીઓ, ગાયનેકશ્રીઓ, બાળરોગ તજજ્ઞશ્રીઓ સહિતનાં તબીબો તેમજ જિલ્લા આરોગ્યતંત્ર નાં અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# સોમનાથઃરામમંદિર ઓડીટોરીયમ હોલ ખાતે સન્માન સમારોહ યોજાયો

## મહેમાનોને વૃક્ષો અને હાથ વણાટની ચાલ આપી સન્માનિત કરવામાં આવ્યા





સોમનાથઃતા.૧૩/૪/૨૦૨૪ ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મજયંતિ નિમિત્તે ગુજરત સમન્વય શેડ્યુલ કાસ્ટ સંગઠન દ્વારા સોમનાથ ખાતે તેની ઉજવણી કઈક અનોખી રીતે જ કરવામાં આવી. જેની દીપ પ્રાગટય થી શરૂઆત કરીને જાણીતા લેખક, દિગ્દર્શક નિર્લોક પરમાર રચિત બાબાસાહેબ નાં જીવન કવન ને રજૂ કરતું એકાંકી નાટક ચેતન દોશી દ્વારા ભજવવામાં આવેલ હતું. ત્યારબાદ ડૉ. મીરાબેન સોલંકી દ્વારા મધુર દેશભક્તિ ગીત પ્રસ્તુત કરવામાં આવ્યું હતું, ગુજરત સમન્વય શેડ્યુલ કાસ્ટ સંગઠન દ્વારા મહેમાનોને વૃક્ષોનું મહત્વ સમજાવવા માટે વૃક્ષ નો છોડ,શિલ્ડ અને વણાટ કામને પ્રોત્સાહન મળે તે માટે હાથ વણાટ ઊન ની ધાબળી આપી સન્માનિત કરાયા હતા અને વિવિધ ક્ષેત્રોમાં એવોર્ડ વિજેતા મહાનુભાવોને 'સમાજ રત્ન એવોર્ડ ' આપી સન્માનિત કરાયા હતા. જેમાં પદ્મશ્રી હીરબાઈ બેન લોબી, પદ્મશ્રી પ્રેમજિત બારીયા સાહેબ. ડૉ. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ થી સન્માનિત પ્રો. રમેશભાઈ મકવાણા અને શશીકાંત ભોજ , દાસી જીવણ શ્રેષ્ઠ સાહિત્ય કૃતિ એવોર્ડ વિજેતા સામંતભાઈસોલંકી અને માનસિંહ ભાઈ ચાવડા, નારીરત્ન એવોર્ડ કું અલ્પાબેન સોસા, વર્લ્ડ બુક ઓફ પાર્ટીસીપેશન એવોર્ડ હસમુખ ભાઈ જંબુસરીયા, ઉત્તમ જીવન રક્ષા પદક એવોર્ડ, જગદીશભાઈ ડી. મકવાણા, સિનેલાઈફ એવોર્ડ નિર્લોક પરમાર , લાયન્સ કલબ પ્રતિનિધિત્વ એવોર્ડ ભરતભાઈ મારવાડી, સંત કબીર સાહિત્ય એવોર્ડ મહંત બાલકદાસજી પરમાર, સવિત્રીબાઈ ફૂલે મહિલા કલા સાહિત્ય એવોર્ડ કું સંગીતાબેન ધનજીભાઈ ડુંગરિયા, મહાત્મા ફુલે શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડ ઈન્દ્રવદન ફૂલાભાઈ પંડ્યા, સમાજ રત્ન એવોર્ડ જગદીશભાઈ ભોજાણી, દિનેશભાઈ પરમાર, પ્રકૃતિપ્રેમી એવોર્ડ ડૉ. ગૌરાંગ બગડા, પોઝીટીવ પર્સન એવોર્ડ ગુણવંત ભાઈ બગડા, અતુલ્ય વારસો આઈડેન્ટીટી એવોર્ડ એડવોકેટ રાજેશ ભજગોતર, બેસ્ટ અભિનય એવોર્ડ ચેતન દોશી, ક્રિએટિવ ચાઈલ્ડ એવોર્ડ સિધ્ધાર્થ જેઠવા ને સન્માનિત કરાયા હતાં તેમજ પદ્મશ્રી પ્રેમજીત બારીયા તેમજ પદ્મશ્રી હીરબાઈ બેન લોબી એ પ્રેરણાદાયી પ્રવચન આપી સૌને પ્રભાવિત કર્યા હતા અને બારીયા સાહેબ પોતાના હાથે બનાવેલા પોર્ટુગલ સ્થાપત્ય ના સ્કેચ સંગઠન ના ચેર પર્સન ભગવાનભાઈ ને ભેટ આપ્યા હતા. ,પ્રો. ડો. રમેશભાઈ મકવાણા એ આ ઈવેન્ટ ને આ વર્ષ ની શ્રેષ્ઠ ઈવેન્ટ ગણાવી હતી ડો બાબા સાહેબ ને સમગ્ર રાષ્ટ્ર ના નેતા , દેશ વિકાસ માં બાબા સાહેબની ભૂમિકા ની વિસ્તૃત જાણકારી આપી હતી,મોહનભાઈ બોરીચા એ આ ઈવેન્ટ રાજ્ય ની પ્રથમ હરોળ ની ઈવેન્ટ ગણાવી હતી, સોમનાથ ટ્રસ્ટ ના ટ્રસ્ટી જે. ડી.પરમાર એ ઈવેન્ટ ની સફળતા નો શુભ સંદેશ મોકલ્યો હતો, તેમજ સંસ્થા દ્વારા "શિક્ષણ માં એઆઈ ની ભૂમિકા" થીમ હેઠળ એઆઇ નો પરિચય ફાયદા સમસ્યા અને તેના ઉકેલ માટેના ઉપાયો અંગે સિધ્ધાર્થ ભાઈ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતાં. અને તેના વક્તવ્ય બાદ તેને તેની પાંચ વર્ષ ની પોકેટ મની જે પોતાના ગલ્લા માં ભેગી કરી હતી તે રું ૬૩૦૦. સંસ્થા ને દાન આપી ને સમાંજ ને દાન ના મહત્વ નો સંદેશ આપ્યો હતો.અને આ સંસ્થા ના એજન્ડા મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત લોકો વધુ માં વધુ મત કરે અને કરાવે તે માટે સ્લાઈડ શો બતાવી અને સો ટકા મતદાન કરાવવાના ઈલેક્શન આઈ કોન દ્વારા શપથ લેવડવવામાં આવ્યા હતા. આ ઉપરાંત શાક્યસિંહ ચાવડા(સમાજ કલ્યાણ અધિકારી),એમ.પી. બોરીચા જિલ્લા શિક્ષણ અધિકારી ગીર સોમનાથ, જેસીંગભાઇ વાણવી, ભગવાનભાઈ ચાવડા, બધાભાઈ મકવાણા,મનસુખભાઈ ગોહેલ,ડો.પુષ્પાબેન પરમાર,ગીરીશભાઈ ભજગોતર, ટા ભાભાઈ પરમાર,ગોવિંદભાઈ ચાવડા,ગોવિંદભાઈ મકવાણા, મોહનભાઈ બોરીચા (સદસ્ય શ્રી મહાત્મા ફુલે શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડ પસંદગી સમિતિ) સાયકલિસ્ટ પ્રકાશ ડાભી,દિનેશ ચાંડપા દિનેશભાઈ ભજગોતર,શાંતિભાઈ સોલંકી, રાજા ભાઈ ચૌહાણ,સી.કે બાબરીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતે આભાર વિધિ ગુજરત સમન્વય શેડ્યુલ કાસ્ટ સંગઠન નાં ચેરપર્સન શ્રી ભગવાન ભાઈ સોલંકી કરી અને આ કાર્ય ને સફળ બનાવવા બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ૧૭ એપ્રિલ, "રામનવમી"

# અયોધ્યાનાં વાસી રામ, રઘુકૂળનાં કહેવાયા રામ, પુરુષોમાં છે ઉત્તમ રામ, સદાય લ્યો હરી રામનું નામ.



રામનવમી એ ભગવાન શ્રી રામનો જન્મદિન છે. આ દિવસે ભગવાન વિષ્ણુંનાં સાતમા અવતાર તરીકે ભગવાન રામનો જન્મ થયો હતો. આ દિવસ રામકથાના પઠન-પાઠન દ્વારા ઉજવાય છે. ભારતીય પરંપરા દ્વારા રામાયણ અને મહાભારતને ઈતિહાસ માનવામાં આવે છે. લોકો રામમંદિરોમાં પૂજન-અર્ચન, દર્શનાર્થે જાય છે અથવા ઘરમાં પૂજા-અર્ચનાં પણ કરે છે. રામ ભગવાનની બાલમૂર્તિની સેવા-પૂજા તથા પારણાનાં દર્શન પણ કરાય છે. લોકો આ દિવસે વ્રત-ઉપવાસ પણ કરે છે.

શાસ્ત્રોમાં વર્ણવ્યા અનુસાર જયારે સમાજમાં સત?ય ઉપર અસત?ય, પ્રમાણિકતા ઉપર અપ્રમાણિકતા, સદાચાર ઉપર દુરાચાર અને ઋષિ સંસ?કૃતિ ઉપર દૈત?ય શકિતઓ હાવી થવા લાગી ત?યારે પ્રભુ શ્રી રામે ચૈત્ર સુદ નવમીનાં દિવસે બપોરનાં બાર વાગ્યે અસુરી શક્તિનો નાશ કરવા માટે જન?મ લીધો હતો. શ્રી રામનાં આ જન?મ દિવસને ઉત્તરથી દક્ષિ?ણ અને પૂર્વથી પશ્ચિમ સુધી બધા રામનવમી તરીકે આજે પણ ધામધુમથી ઉજવે છે. આ રામનવમી માત્ર શ્રી રામનાં જીવનની જ નહી પણ એક એવા પુત્રની પણ આપણને યાદ અપાવે છે, જેમાં એક વ?યકિતએ પિતા, માતા, ગુરુ, પત્ની, નાના ભાઈ ભાંડુ પ્રત્યેની ફરજો ઉપરાંત કુટુંબ તેમજ સમાજ પ્રત?યેની ફરજો નિષ?ઠાપૂર્વક બજાવવા સાથે તેમણે કોઈ પણ પરિસ્થિતિમાં એમની મર્યાદા નથી છોડી. એમના અલૌકિક સ્વભાવ, અદભૂત કાર્ય, અદ્વિતીય વીરતા, અનુકરણીય સહનશીલતા, વિનમ્રતા, ધર્મ-પ્રિયતા, પરોપકાર, સ્વાર્થ-ત્યાગથી લોકોના મનમાં તેમના પ્રત્યે અતિ પ્રેમ બનાવી લીધો હતો માટે જ ભગવાન રામ ને મર્યાદા પુરુષોત્તમ કહેવામાં આવે છે. રામનવમી વ્રતના પ્રારંભે ભાવિક ભક્તો, ઉપાષકો, આરાધકો અને રામાયણનાં પ્રખર અભ્યાસીઓ શ્રીરામ નામ જપ, રામ નામની માળા, રામ નામનું લેખન, રામનું ભજન-કીર્તન, રામચરિત માનસ – રામાયણનું વાચન, રામ પંચાયતન (રામ, લક્ષ્મણ, સીતા, ભરતજી, શત્રુઘ્ન અને હનુમાનજી) નું અર્ચન-પૂજન, ધૂપ-દીપ અને નૈવેદ્ય સમર્પણ વ્રત ચૈત્ર સુદ નોમના ભક્તિભાવથી કરે છે. રામનામ અદભુત સંજીવની છે, અમોઘ શસ્ત્ર છે, મહાન શક્તિ છે. ઈશ્વરમાં શ્રધ્ધા રાખવી એ કોઈ આડંબર નથી, ઈશ્વર તો એક એવી અલૌકિક શક્તિ છે જેના ભયને કારણે જ લોકો પાપથી દૂર રહે છે, એક દુઃખ પછી પણ લોકો સુખના સૂરજનાં રૂપે ઈશ્વર તરફ દ્રષ્ટિ નાખે છે. આ શ્રધ્ધા જ તેમને જીવનના મોટા મોટા દુઃખોને જીરવવાની શક્તિ આપે છે. શ્રીરામનુ જીવન માણસને આદર્શ જીવન જીવવાની રાહ ચીંધે છે. ભગવાન રામનાં જીવનના દરેક પ્રસંગો આપણને કોઈને કોઈ સંદેશો આપી જાય છે.

# ઉનામાંથી રૂ.૫૦૦ના દરની ૩૨ બોગસ નોટો સાથે જુનાગઢના શખ્સને જીલ્લા એસ.ઓ.જી. ટીમે ઝડપી લીધો

કૈલૈશ ભટ્ટ ઉનાઃઉના દેલવાડા રોડ પરથી જૂનાગઢનો શખ્સ પાસે ભારતીય ચલણની રૂ.૫૦૦ના દરની બોગસ, જાલી નોટો હોવાની બાતમી આધારે જીલ્લા એસ.ઓ.જી. ટીમે આ શખ્સની પૂછપરછ કરી તપાસ કરતા તેની પાસેથી સોળ હજારની બોગસ નોટો સાથે ઝડપી લઈ ઉના પોલીસમા ગૂન્હો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

જૂનાગઢ રહેતો હરેશ ધુળાભાઈ સોલંકી દીવ પંચમુર્તી વાઈન શોપમાં દારૂ લેવા ગયેલ અને દારૂ લેવા રૂ.૫૦૦ની એક નોટ આપેલ તે ખોટી હોય તેવુ શંકા જતાં વાઈન શોપ વાળાએ ચલાવેલ નહી, અને આ શખ્સે બ્લુ કલરનું શર્ટ તથા આર્મી કલરનું પેન્ટ પહેરેલ દેવીપુજક ત્યાથી ઉના તરફ આવતો હતો. આ શખ્સ પાસે પાંચસો રૂપીયાની બીજી પણ જાલી ખોટી નોટો બજારમાં વાપરવા નિકળેલ હતો. તેવી ચોકકસ બાતમી આધારે ખાનગી વાહનમાં ઉના થી દીવ આવતા દેલવાડા રોડ ઉપર નાગનાથ મંદીર પાસે આવતા બાતમી આધારે આ શખ્સે કપડા બ્લુ કલરનું શર્ટ તથા આર્મી કલરનું પેન્ટ



પહેરેલ શંકાસ્પદ જણાતા સામેથી ચાલીને આવતા તેને રોકી પુછપરછ કરતા હરેશભાઈ ધુળાભાઈ સોલંકી રહે. ભવનાથ જી.જુનાગઢ વાળો હોવાનું જણાવતા અને તેને ચેક કરતા તેના શર્ટના ખીસામાંથી રોકડા રૂ.૧૬,૦૦૦ મળી આવેલ, જેમાં રૂપીયા પાંચસોના દરની નોટો નંગ-૩૨ મળી આવતા આ શખ્સને ઝડપી લીધો હતો.

લોકસભા ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે જીલ્લામાં ગે.કા. પ્રવૃતિ કરતા ઈસમો ઉપર કાયદેસર કાર્યવાહી કરવા કરેલ સુચના મુજબ, ગીરસોમનાથ એસ.ઓ.જી ના પોલીસ ઈન્સ. જે.એન.ગઢવી, પી એસ આઇ વી.કે. ઝાલાના માર્ગદર્શન મુજબ એસ.ઓ.જી. શાખાના એ.એસ.આઈ. ઈબ્રાહિમશા બાનવા, દેવદાનભાઈ કુંભરવાડીયા, ગોવિંદભાઈ રાઠોડ, મેરામણભાઈ શામળા, ગોપાલભાઈ મોરી, હસમુખભાઈ ચાવડા, ગોપાલભાઈ મકવાણા તથા પ્રકાશભાઈ સોલંકી તથા વુ.હેડ કોન્સ. અસ્મિતાબેન ચાવડા, ધર્મેન્દ્રસિંહ ગોહીલ તથા મેહુલસિંહ પરમાર, મહાવિરસિંહ જાડેજા તથા એલ.સી.બી. શાખાના પો.હેડ કોન્સ, રાજુભાઈ ગઢીયા સહીતની ટીમ ઉના વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન એ.એસ.આઈ. ઈબ્રાહીમશા બાનવા, હસમુખભાઈ ચાવડા, ધર્મેન્દ્રસિહ ગોહીલને મળેલ સયુકત બાતમી હકિકત આધારે ભારતીય ચલણની પાંચસોના દરની બોગસ, જાલીનોટો નંગ-૩૨ સાથે એક શખ્સને પકડી પાડી ઉના પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

# સરકારી હોસ્પિટલોમાં સબ સ્ટાન્ડર્ડ દવાઓની સપ્લાય

ઉનાઃ અખિલ ભારતીય કોળી સમાજ ના પ્રદેશ મહામંત્રી રસિક ચાવડા એ ભૂપેન્દ્રભાઈ પટેલ મુખ્યમંત્રી અને ઋષિકેશભાઈ પટેલ આરોગ્ય મંત્રી ને પત્ર લખી ને રજુવાત કરી છે કે સરકારી આરોગ્ય કેન્દ્રો માં સરકાર દ્વારા જરૂરિયાત મુજબની દવાઓ આરોગ્ય કેન્દ્રો ને ફાળવવામાં આવતી હોય છે. આ દવાઓ સરકાર દ્વારા દવાઓ બનાવતી કંપનીઓ પાસેથી સરકાર ના આરોગ્ય વિભાગ દ્વારા ખરીદ કરવામાં આવતી હોય છે. પરંતુ તાજેતરમાં આ દવાઓ ખરીદી




કરીયા બાદ જે તે આરોગ્ય કેન્દ્ર માં વિતરણ કરી દેવા માં આવી હતી. ત્યાર બાદ આ દવાઓ સબ સ્ટાન્ડર્ડ છે. અને દર્દીઓને આ દવાઓ હવે આપવી નહીં. તો અહીં એ પ્રશ્ન છે કે આ દવાઓ જે તે દર્દીઓને આપી દીધી હોય તે દર્દીઓનું શું ??તો શું આરોગ્ય વિભાગે આ દવાઓ પરીક્ષણ કર્યા વગર ખરીદી કરી હશે?

સરકારી હોસ્પિટલ નો મહત્તમ ઉપયોગ ગરીબ અભણ ,મધ્યમ વર્ગના લોકો અને છેવડાના લોકો કરતા હોય છે ત્યારે તેના આરોગ્ય સાથે છેડા કેટલા યોગ્ય?? તો આ બાબતે સરકાર ના આરોગ્ય વિભાગ દ્વારા આ ખરીદી બાબતની તપાસ કરવામાં આવે અને જવાબદાર તમામ સામે પગલા લેવામાં આવે તેવી માગણી રસિક ચાવડા દ્વારા કરવામાં આવી છે.

# રામ નવમી તહેવારઃપોલીસ જવાનો એ ફલેગ માર્ચ યોજી

ઉનાઃઉના ને સ્વેદન શિલ માનવામાં આવે છે અને અહી રામ નવમી ના તહેવાર સમયે કાયદો અને વ્યવસ્થા ની સથીતી જળવાય તેવા હેતુ થી ઉના શહેરમાં એસપી અને પોલીસે ફ્લેગ માર્ચ યોજી

ઉના શહેર ખાતે રામનવમી શોભાયાત્રા નીકળનાર હોય જે અનુસંધાને કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે આજરોજ જૂનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા સાહેબ તથા ગીર-સોમનાથ જિલ્લાના પોલીસ અધિક્ષક શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ,ઉના ડીવિઝનના પો.અધિ. શ્રી એફ.એમ.ચૌધરી સા.,



SOG તથા LCB ના અધિકારીઓ/ કર્મચારીઓ તથા ઉના પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી એમ. એન. રાણા સા. તથા અધિકારીઓ/ કર્મચારીઓ, બંદોબસ્તમાં ફાળવેલ પોલીસ, જીઈઁ, હોમગાર્ડ, GRD જવાનો સાથે ઉના શહેરમાં રામનવમી શોભા યાત્રાના રૂટ ઉપર ફ્લેગ માર્ચ કરવામાં આવેલ.

# આઈ.પી.એલ. ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા એક શખ્સ ઝડપાયો

ઉનાઃઆઈપીએલની સીઝન ચાલી રહી છે ત્યારે ક્રિકેટ સટ્ટોડીયાઓ ફરી મેદાને ઉતર્યા છે જેમાં કોડીનાર માં એકતા ચોક નજીક સરાજાહેર આઈપીએલ મેચ પર સટ્ટો રમાડતાં એક શખ્સની પોલીસે ધરપકડ કરી ૨૦૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.આ અંગેની જાણવા મળતી વિગત મુજબ આઈ પી એલ રમાઈ રહેલ ક્રિકેટ મેચ પર સરાજાહેર સટ્ટો રમાડતાં હોવાની ચોક્કસ બાતમીના આધારે પોલીસે એક્તા ચોક નજીક છાપો ટીવીમાં લાઈવ સ્કોર પર હાર-જીતનો જુગાર રમાડતા ઉતમ ભાઈ અશોક ભાઈ સોલંકી ને પકડી પાડી ધરપકડ કરી હતી અને બીજો એક આરોપી હાર્દિક ભાઈ અપારનાથી ફરાર થઈ ગયો હતો ૨૦૫૦૦ ની રોકડ અને બે મોબાઈલ ફોન મળી ૩૦૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો એલ સી બી નાં ઈન્ચાર્જ પીઆઇ એ બી જાડેજા નાં માર્ગ દર્શન મુજબ પી એસ આઈ એ બી વોરા તથા તેમની ટીમ નાં માણશો પેટ્રોલીંગ માં હતા દરમિયાન એ એસ આઈ શૈલેશ ભાઈ ડોડીયા તથા હેડ કોન્સ્ટેબલ લલીત ભાઈ



ચૂડાસમા ને મળતી બાતમી આધારે એકતા ચોક નજીક આઈ પી એલ નો સટ્ટો રમતાં જડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી ગુનો નોંધી આગળ ની તપાસ હાથ ધરી હતી



તસવીર : દિલિપ ગોહેલ

# શહેરમાં રામલલ્લાની વિશાળ શોભાયાત્રા નીકળી

## અયોધ્યા જેવી જ પ્રતિમાના ફલોટે જગાવ્યું આકર્ષણ, ઠેર ઠેર પુષ્પવર્ષા સાથે મોટી સંખ્યામાં લોકો જોડાયા









રાજકોટ

રાજકોટમાં આજે રામનવમીના દિવસે ભગવાન શ્રીરામની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. શોભાયાત્રામાં અયોધ્યા જેવી જ રામલલ્લાની વિશાળ પ્રતિમાએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.આ ઉપરાંત નવદુર્ગાના સ્વરૂપને જીવંત કરતાં બહેનોને વેશભુષાના ફલોટ, શ્રીરામ દરબારનો ફલોટ, હનુમાન દાદાની બાહુબલી સ્વરૂપ ઉજાગર કરતી વિશાળ મૂર્તિ, ભારત માતાની પ્રતિમા સહિતના ફલોટસ જોડાયા હતાં. નાના બાળકો અવનવા વેશ પરિધાન કરી શોભાયાત્રામાં જોડાયા હતાં અને બાળકોએ ભગવાન શ્રીરામનું બાળસ્વરૂપ રજુ કરતી જીવંત કૃતિ રજુ કરી હતી. રથયાત્રા ઉપર ઠેર ઠેર પુષ્પવર્ષા કરવામાં આવી હતી. અયોધ્યામાં રામજીની પધરામણી બાદ પ્રથમ વખત શોભાયાત્રા નીકળી હોય લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં લોકો રથયાત્રામાં જોડાયા હતાં.

આ શોભાયાત્રાનું ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર આવેલ નાણાવટી ચોક ખાતેથી સવારે ૯.૩૦ કલાકે પ્રસ્થાન થયું હતું અને ત્યાંથી રૈયા સર્કલ, રૈયા રોડ ઉપર હનુમાન મઢી, કિસાનપરા ચોક, રેસકોર્ષ રોડ, જિલ્લા પંચાયત ચોક, મોટી ટાંકી ચોક, લીમડા ચોક, ત્રિકોણબાગ, લાખીજીરાજ રોડ, કરણસિંહજી બાલાજી મંદિર, સ્વામીનારાયણ મંદિર ભૂપેન્દ્ર રોડ, આશાપુરા મંદિર, કેનાલ રોડ, ભૂતખાના ચોક, લોધાવાડ ચોક, ગોંડલ રોડ, બોમ્બે ગેરેજ ચોક થઈ સતયુગશ્રી રામજી મંદિર પહોંચી હતી અને બપોરે ૧૨ વાગ્યે રથયાત્રા સમાપ્ત થઈ હતી.

શોભાયાત્રાની પૂર્ણાહુતિ પૂર્વે શ્રી ન્યાલ ભગત અન્નક્ષેત્ર ખાતે ભગવાન શ્રી રામની મહાઆરતી કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં લોકો આસ્થાભેર જોડાયા હતાં.

શોભાયાત્રાના પ્રસ્થાન સમયે ૧૧૦૦ કિલો મિઠાઈ તથા ૧૧૦૦ કિલો ફરાળનો પ્રસાદ રામભકતોને વહેંચવામાં આવ્યો હતો. શોભાયાત્રામાં બજરંગદળના કેસરી ખેસ ધારી યુવાનો તેમજ એકસરખા વસ્ત્રમાં સજ્જ કેસરી સાફા પહેરીને દુર્ગાવાહિનીની બહેનો જોડાઈ હતી. રૂટમાં ઠેર ઠેર અલગ અલગ સંસ્થાઓ દ્વારા પાણી, શરબત, છાશ, ફરાળ સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# શહેરીજનોને રામનવમીની શુભેચ્છા પાઠવતા સાંસદ રામભાઈ મોકરિયા



રાજકોટ,

ભગવાન શ્રી રામચંદ્રજી મર્યાદા પુરષોતમ છે. ચૈત્ર સુદ નોમને દિવસે ભગવાન રામચંદ્રજીનો જન્મ થયો હતો. તેથી રામનવમીનું માહત્મ્ય અનેરું, અનોખું અને અદ્વિતીય છે. રામનો મહિમા અનેરો છે. રામનામથી જ સર્વનો ઉધ્ધાર છે. તેવું રામાયણમાં પણ ઉલ્લેખ છે. વાલીયો લુંટારો રામ-રામ બોલીને વાલ્મીકી ૠષિ બની ગયા, રાવણે ત્રિલોકમાં ત્રાસ ફેલાવ્યો. તેથી ભગવાન વિષ્ણુએ રામાવતાર લઈને રાવણનો સંહાર કર્યો. આજે સમગ્ર લોકોને રામનવમીના શુભ દિવસે ભગવાન શ્રી રામ બધાને સારી તંદુરસ્તી, સુખમય જિંદગી આપે અને આનંદમય જીવન પસાર થાય તેવી બધા લોકોને રામનવમીની શુભેચ્છા સાંસદ રામભાઇ મોકરિયાએ પાઠવી છે.

# રાજકોટમાં રામલલ્લાના વધામણા કરતા પરસોતમભાઈ રૂપાલા

## કરોડો શ્રધ્ધાળુઓની ભકિત,શકિત અને આસ્થાના પ્રતિક અયોધ્યાપતિ મર્યાદા પુરૂષોતમ ભગવાનશ્રી રામના જન્મોત્સવની શુભેચ્છા પાઠવતા પરશોતમભાઈ રૂપાલા

રાજકોટઃ

રાજકોટ શહેર ભાજપ ધ્વારા રામનવમીના પાવન પર્વ અંતર્ગત નીકળેલ રથયાત્રાનું રૈયા ચોકડી ખાતે ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો.દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, પૂર્વ સાંસદ વલ્લભભાઈ કથીરીયા, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા ,શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા સહીતના ભાજપ અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.


આ તકે પરશોતમભાઈ રૂપાલાએ સૌને કરોડો શ્રધ્ધાળુઓની ભકિત,શકિત અને આસ્થાના પ્રતિક અયોધ્યાપતિ મર્યાદા પુરૂષોતમ ભગવાનશ્રી રામના જન્મોત્સવની શુભેચ્છા પાઠવતા જણાવેલ કે તા ૨૨ જાન્યુઆરી–૨૦૨૪ના રોજ અયોધ્યામાં રામ મંદિરનું ઉદઘાટન થયું, બપોરે ૧૨ઃ૩૦ કલાકે રામલલાના વિગ્રહનો અભિષેક કરવામાં આવ્યો ત્યારબાદ પહેલી રામનવમી આવતી હોય દેશવાસીઓમાં રામનવમીનું પર્વ ઉજવવા માટે અમિટ ઉત્સાહ અને થનગનાટ જોવા મળે છે. ત્યારે મર્યાદા પુરૂષોતમ ભગવાનશ્રી રામજીના જન્મોત્સવ નિમિતે રથયાત્રાના દિવ્ય દર્શન કરી પ્રભુના આશીર્વાદ મેળવી દિવ્યતા–ધન્યતાની લાગણી અનુભવું છુ. આ તકે શહેર ભાજપના હોદેદારો, વોર્ડના પ્રભારીઓ, પ્રમુખ, મહામંત્રી, કોર્પોરેટરો, મોરચા–સેલના હોદેદારો, અગ્રણીઓ તેમજ વિવિધ શ્રેણીના કાર્યકર્તા ભાઈઓ–બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષી એ જહેમત ઉઠાવી હતી.



# ભાજપના સંકલ્પ પત્રમાં વિકસિત ભારતની છાંટ જોવા મળીઃ રાજુભાઈ ધ્રુવ

રાજકોટ

તાજેતરમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રજુ કરેલા ભાજપના સંકલ્પ પત્રમાં ૨૦૪૭નાં વિકસિત ભારતના સપનાની છાંટ -ઝલક જોવા મળે છે તેમ જણાવી સૌરાષ્ટ્ર ભાજપના પ્રવક્તા રાજુભાઈ ધ્રુવે કહ્યું છે કે, આ સંકલ્પ પત્ર દેશના ૧૪૦ કરોડ નાગરિકોની આશા અને અપેક્ષા પૂર્ણ કરનારું છે. આ સંકલ્પ પત્રમાં રીફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને આ સંકલ્પ પત્રાથી ભારતના ચાર મજબુત સ્તંભ યુવાઓ, મહિલાઓ, ગરીબો અને ખેડૂતો સશક્ત થશે તેની ગેરેંટી છે.



રાજુભાઈ ધ્રુવે ઉમેર્યું છે કે, દેશના નાગરીકોની આશા અને આકાંક્ષાને પ્રતિબિંબિત કરતા આ સંકલ્પ પત્ર માં જનતાની સેવા કરવાની ગેરંટી આપવામાં આવી છે. આ વખતે પણ જનતા જનાર્દનના આશિર્વાદથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમા ૪૦૦ થી વધુ બેઠકો જીતાડશે તેવો વિશ્વાસ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત અને દેશમા સુશાસનનો પાયો મજબૂત કર્યો છે તેના કારણે ગુજરાતમાં તમામ ૨૬ બેઠક પર જનતાના આશિર્વાદથી ભવ્ય જીત મળશે.સંકલ્પ પત્ર વિકસીત ભારત ૨૦૪૭ ને સાકાર કરવાનો રોડ મેપ છે તેમ જણાવતા રાજુભાઈ ધ્રુવે વધુમાં કહ્યું છે કે, ભાજપના સંકલ્પ પત્રમા ૨૪જેટલા મહત્વના મુદ્દાનો સમાવેશ કરવામા આવ્યો છે.

કોંગ્રેસના સમયમા આંતકવાદથી ગ્રસ્ત દેશ આજે સુરક્ષીત દેશ બન્યો છે તેની ગેરંટી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપી છે. તેમણે દેશના ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓને ઉત્તમ સારવાર મળે તે માટે આયુષ્યમાન કાર્ડ યોજનામા ૭૦ વર્ષથી વધુ ઉંમરના વડિલોને લાભ મળે તે માટે જાહેરાત કરી છે.

મહિલાઓની સુરક્ષા અધિકારીઓનુ રક્ષણ ,વિકાસ માટે અનેક યોજના દ્વારા દેશની મહિલાઓને વિશ્વાસ અપાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લોકસભા અને રાજયસભામા મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાનો ઐતિહાસીક નિર્ણય કર્યો છે. આ સિવાય તેમણે ખેડૂતો કિસાન સન્માન નિધી યોજના જાહેરાત કરી હતી

# લોકશાહીને તોડવા થઈ રહેલા પ્રયાસો સામેની લડાઈમાં લોકશાહીને બચાવીશું : ધાનાણી

## સતત સળંગ સત્તાના મદમાં ભાન ભૂલેલા અહંકારી શાસકોને જવાબ આપવા જાગૃતિ જરૂરી

રાજકોટ

લોકસભાની રાજકોટ બેઠક પર ચૂંટણીમાં ઝંપલાવનાર કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ આજે પત્રકાર પરિષદ યોજીને ભાજપને આડે હાથ લઈને ભાજપ-કોંગ્રેસની વાસ્તવિકતાનો ચિતાર રજૂ કર્યો હતો.પરિષદમાં ઉપસ્થિત પત્રકારોના સવાલોના જવાબમાં પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ માત્ર રાજકીય પક્ષ જ નહીં પરંતુ આઝાદીનું આંદોલન છે કોંગ્રેસપક્ષ બન્યો ત્યારથી અહીં સંપૂર્ણ બોલવા, ચાલવા, હરવા, ફરવા, ખાવા, પીવાની અને પહેરવાની આઝાદી છે. પોતાનો મત જાહેરમાં રજૂ





કરવાની આઝાદી પણ છે.તેમણે ભાજપ પર પ્રહારો શરૂ કરતા કહ્યું કે ભાજપના લોકોને મારો પ્રશ્ર્ન છે કે, તમે એવી કઈ વ્યવસ્થા પેદા કરી છે કે જયાં ભાજપના નેતાઓ નમાલા બની ગયા છે. પ્રજા પ્રશ્ર્ન છે પ્રજા પ્રશ્ર્નોથી પીડાતી હોય ત્યારે ભાજપના આગેવાનો સરકાર સમક્ષ કેમ સાચી વાત મુકી નથી શકતા.તેઓએ વધુમાં ઉમેર્યુ હતું કે, ગુજરાત ભાજપમાં દાવાનળની સ્થિતિ છે. કોંગ્રેસ સંવિધાનને બચાવવા લડી રહ્યો છે. ભૂતકાળમાં કોંગ્રેસે માણસને સશક્તિકરણ બક્ષવાનો પ્રયાસ કર્યો હતો. ભાજપમાં પ્રવર્તમાન માણસને મજબુરી સિવાય કશુ મળતુ નથી.પરેશ ધાનાણીએ આક્રોશભેર કહ્યું કે, સતત, સળંગ સત્તાના મદમાં સરકારમાં બેઠેલા ભાન ભૂલી લોકોને ધમકાવી રહ્યા છે. લોકોના મતોનું અવમુલ્યન કરી દેશને ફરી ગુલામીમાં ધકેલી દેવાના પ્રયાસ સામે તેઓ (કોંગ્રેસ સ્વાભિમાન સાથે લોકશાહીને બચાવવા નિકળ્યો છે.

# 'મોદી પરિવાર' સભામાં 'કમળ' ને જનતા જનાર્દનનું પ્રચંડ જનસમર્થન : મુકેશભાઈ દોશી

રાજકોટ

રાજકોટ શહેર ભાજપ ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી ડો. માધવ દવે, અશ્વીન મોલીયા,

**CHANG OF NAME**

"I have undersigned that I have changed my name from PATEL KETAN GOPALDAS to **PATEL KETANBHAI GOPALBHAI** Now I will be known by new name **PATEL KETANBHAI GOPALBHAI**







વિરેન્દ્રસિહ ઝાલાના માર્ગદર્શન હેઠળ આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને પ્રચાર–પ્રસાર કાર્ય વેગવંતુ બનાવવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગર ખાતે ૮૫ થી વધુ મોદી પરિવાર સભાનું આયોજન કરવામાં આવેલ. તે અંતર્ગત વિધાનસભા–૬૯માં શહેરના વોર્ડ– ૧૦ માં જયોતીનગર ચોક ખાતે મોદી પરિવાર સભા યોજાઈ હતી. જેમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, તેમજ શહેર ભાજપ ઉપપ્રમુખ કાશ્મીરાબેન નથવાણી સહિતનાએ મોદી સરકારની ૧૦ વર્ષની સિધ્ધીઓ વર્ણવી, કેન્દ્ર અને રાજય સરકારની અનેકવિધ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી પુરી પાડતા 'મોદી પરિવાર' સભામાં જનતા જનાર્દનના પ્રચંડ જનસમર્થન સાથે વિજય પ્રાપ્ત કરવા અને દેશનો દરેક નાગરિક વિકાસના પથ પર આગળ વધી આવનારા સમયમાં 'વિકસિત ભારત'નો સાક્ષી બનવા ઈચ્છે છે ત્યારે જન કલ્યાણનો એક જ વિકલ્પ, મોદી સરકાર, આ વખતે ૪૦૦ ને પારના વિજયલક્ષી સંકલ્પને સાકાર કરી રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતભાઈ રૂપાલાને જંગી લીડથી જીતાડી દેશના પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના હાથ વધુ મજબૂત બનાવવા આહવાન કર્યૂ હતું .

# આ વખતે ૪૦૦ને પારના વિજયલક્ષી સંકલ્પને સાકાર કરવા જનતા જનાર્દનનો કોલ : ભાનુબેન બાબરીયા, ડો. પ્રદિપ ડવ

રાજકોટ

રાજકોટ શહેર ભાજપ ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી ડો. માધવ દવે, અશ્વીન મોલીયા, વિરેન્દ્રસિહ ઝાલાના માર્ગદર્શન હેઠળ આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને પ્રચાર–પ્રસાર કાર્ય વેગવંતુ બનાવવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગર ખાતે ૮૫ થી વધુ મોદી પરિવાર સભાનું આયોજન કરવામાં આવેલ. તે અંતર્ગત વિધાનસભા–૭૧માં શહેરના વોર્ડ– ૧૧માં સરદાર ચોક ખાતે અને ૧૨ માં મારવેલ હોસ્પિટલ પાસે, ૮૦ ફુટ રોડ ખાતે મોદી પરિવાર સભા યોજાઈ હતી. જેમાં રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, પૂર્વ મેયર ડો. પ્રદિપ ડવ સહિતનાએ મોદી સરકારની ૧૦ વર્ષની સિધ્ધીઓ વર્ણવી, કેન્દ્ર અને રાજય સરકારની અનેકવિધ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી પુરી પાડતા 'મોદી પરિવાર' સભામાં જનતા જનાર્દનના પ્રચંડ જનસમર્થન સાથે વિજય પ્રાપ્ત કરવા અને દેશનો દરેક નાગરિક વિકાસના પથ પર આગળ વધી આવનારા સમયમાં 'વિકસિત ભારત'નો સાક્ષી બનવા ઈચ્છે છે ત્યારે જન કલ્યાણનો એક જ વિકલ્પ, મોદી સરકાર, આ વખતે ૪૦૦ ને પારના વિજયલક્ષી સંકલ્પને સાકાર કરી રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતભાઈ રૂપાલાને જંગી લીડથી જીતાડી દેશના પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના હાથ વધુ મજબૂત બનાવવા આહવાન કર્યૂ હતું . આ તકે સ્થાનીક આગેવાનો વોર્ડન સંગઠનના હોદેદારો, શિક્ષણ સમિતિ સદસ્યો, બુથના બુથવાલી–પ્રમુખ, ઈન્ચાર્જ, સહઈન્ચાર્જ, શકિતકેન્દ્ર સંયોજક,પ્રભારી, વિવિધ મોરચાના હોદેદારો તેમજ વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ સહીતના સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.





સૌરાષ્ટ્ર આજતક

Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## સમુદ્રી ચાંચિયાઓ સામે ઇન્ડિયન નેવી એક્શન મોડમા

રાતા સમુદ્રમાં થી પસાર થતાં વિશ્વના કોઈપણ દેશના જહાજોની દરિયાઈ ચાંચિયાઓથી રક્ષણ કરવા માટે ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ એક્શન મોડમાં આવી જતા દરિયાઈ ચાંચિયાઓમાં ભય નો માહોલ સર્જાયો છે. કારણ કે ઇન્ડિયન નેવી પાસે જે ભયાનક શાસ્ત્રો છે તે આતંકવાદીઓ પાસે નથી. આથી તેઓ ઇન્ડિયન નેવી ના જહાજો આવતા જ જીવ બચાવીને ભાગી છૂટે છે.

યુદ્ધના માહોલને કારણે સુએજ નહેર માંથી પસાર થતાં જહાજો ઉપર સમુદ્રી ચાચીયાઓનું આક્રમણ વધતા ગંભીર કટોકટી સર્જાણી છે. કોરોના મહામારી પછીની આ સૌથી મોટી ગંભીર સમસ્યા છે. જેને કારણે વિશ્વની અર્થવ્યવસ્થા પર ગંભીર અસરો પડી રહી છે. વિદેશમાંથી ભારતમાં આવતા જહાજો ઉપર પણ દરિયાઈ ચાંચિયાઓ આક્રમણ કરે છે એની સામે ભારતીય નેવીએ સખત પગલાં લેવાના શરૂ કરતા ભારતીય જહાજોને તથા અન્ય દેશોના જહાજોને ચાંચિયાઓ મુક્ત કરે છે જો આમ ન કરે તો ભારતીય નેવી તેના પર પ્રચંડ આક્રમણ કરી તેને નષ્ટ કરી નાખે આથી તેઓ જહાજોને છોડીને ભાગી જાય છે ભારતીય નેવીએ ભારતમાં આવતા ઘણા જહાજોને તેના સકંજામાંથી છોડાવ્યા છે વિદેશી જહાજોને પણ ભારતીય નેવીએ મદદ કરી છે.

હુથી આક્રમણકારોએ વિશ્વની આર્થિક સુધારણાને જોખમમાં મૂકી દીધી છે. માલસમાન તેમ જ તેલના ભાવમાં વધારો થતાં ફુગાવા વધશે. આ કટોકટીથી થયેલું નુકસાન પ્રારંભથી જ અબજો ડોલરમાં અંકાય છે તથા તે સતત વધતું જ રહેશે એવી ધારણા છે.

દુનિયાના ખૂબ જ વ્યસ્ત રહેતા જળમાર્ગો પૈકી આ સમુદ્રની ગણના થાય છે. સુએઝની નહેર મારફતે તે ભૂમધ્ય સમુદ્ર સાથે સંકળાયેલો હોઈ એશિયા અને યુરોપ વચ્ચે ચાલતો વેપાર આ ટૂંકા માર્ગથી થાય છે. વેપારી દૃષ્ટિએ આ માર્ગનું ઘણું મહત્વ અંકાય છે.

રાતો સમુદ્ર ધરતીકંપ કારણે ઉદભવેલો વિશાળ ગર્ત છે. પ્રાચીન સમયથી આ સમુદ્ર વેપારી માર્ગ તરીકે ઉપયોગમાં લેવાતો રહ્યો છે. ૧૮૬૯માં સુએઝની નહેર તૈયાર કરવામાં આવી, તે અગાઉ ભૂમધ્ય સમુદ્ર અને રાતા સમુદ્ર વચ્ચે ભૂમિમાર્ગો દ્વારા માલસામાન ઊંટો અને ગધેડાંઓ પર લાદીને લઈ જવાતો હતો.

સુએજ કટોકટીને કારણે જે નુકસાન થયું છે તેમાં માત્ર યુરોપનો વિચાર કરીએ તો વર્તમાન રકમ આશરે એક અબજ ડોલર જેટલી રકમ થાય છે.

હુથી હુમલાઓએ સુએઝ કેનાલ અને બાબ-અલ-માંડબ સામુદ્રધુનીમાંથી પસાર થતાં અસંખ્ય વેપારી જહાજોને દક્ષિણ આફ્રિકાના કેપ ઓફ ગુડ હોપ નો ખૂબ લાંબો જલ માર્ગ લેવાની ફરજ પાડી છે. પરિવહનનું ખર્ચ અને સમય બંનેમાં વધારો થયો છે. સુએઝ કેનાલમાંથી પસાર થતાં તેલના ટેન્કરોની સંખ્યા ગયે મહિને નવેમ્બરની તુલનાએ ૨૩ ટકા જેટલી ઓછી હતી. એલપીજી અને એલએનજી માટે આ ઘટાડો વધુ તીવ્ર, એટલે કે અનુક્રમે ૬૫ અને ૭૩ ટકા જેટલો હતો. ભારત અને મધ્ય પૂર્વથી યુરોપ તરફના ડીઝલ અને જેટ ઇંધણના પ્રવાહને અને યુરોપથી એશિયા તરફ આવતા તેલ અને નેફ્થાને સૌથી વધુ અસર થઇ છે. પેટ્રોકેમિકલ્સનો કાચામાલ નેપ્થા યુરોપમાંથી મેળવવાનું મુશ્કેલ બનવાની સંભાવનાને કારણે તેના એશિયન ભાવ ગયા અઠવાડિયે છેલ્લા બે વર્ષની સર્વેચ્ચ સપાટીએ નોંધાયા હતા. રાતા સમુદ્રના હુમલાની અસર ઉંચા પરિવહન ખર્ચ દ્વારા તેલના ભાવોને અસર કરી રહી છે.

# ખરા નિર્ણાયક કોણ ?

**અન્વેષણ**

- C.A. પરેશ ભટ્ટ

આપણી લાગણી હંમેશા નાના લોકો સાથે જ જોડાયેલ હોય છે. રામાયણમાં ધોબી જે સ્ટેટમેન્ટ આપે છે તેને તત્કાલીન સમાજે સ્વીકાર્યું અને રામને ફરજ પણ પાડી. કાલમાર્કસની મજૂર માટે સિમ્પથી જ સામ્યવાદની તત્કાલીન સફળતા માટે જવાબદાર હતી. સીતા માતા અગ્નિ પરીક્ષામાં પાસ થાય અને ધરતી પ્રવેશ કરે છે ત્યારે ટૂંકી બુદ્ધિના ધોબી અને તેની વિચારધારાને અનુસરનાર તે વખતનો સમાજ ખૂબ પસ્તાવો કરે છે. આજ રીતે સામ્યવાદને લાવ્યા પછી દરેક સામ્યવાદી દેશની પ્રજા ભરપેટ પસ્તાય છે અને હજુ પણ દુઃખી છે. જે સામ્યવાદની જરૂર ઇંગ્લેન્ડને હતી તેને બદલે એ વિચારધારા રશિયાએ ઉપાડી. ઔદ્યોગિક ક્રાંતિ તો ઇંગ્લેન્ડમાં થયેલી. મજૂર વર્ગતો ત્યાં હતો.પરંતુ લેનિન જેવું વ્યક્તિત્વ ઇંગ્લેન્ડમાં ન હતું પરંતુ રશિયમાં હતું. આથી સામ્યવાદની ક્રાંતિ રશિયામાં આવી. યથા રાજા તથા પ્રજા - જેવો નેતા તેવી પ્રજા. નેતા ભ્રષ્ટ તો પ્રજા પણ ભ્રષ્ટ જ રહેશે. આ એક ચર્ચાનો વિષય છે કે પ્રજા હોય તેવો નેતા હોય કે નેતા હોય એવી પ્રજા હોય ? ઇતિહાસ સાક્ષી છે કે જેવો નેતા એવી પ્રજા. અનેક ઉદાહરણો છે. પણ મૂળ વિષય એ છે કે માનવીની સંવેદના હંમેશા નાના માણસ સાથે જ જોડાયેલી છે. નાના માણસની મોટી અપ્રમાણિકતા પણ મોટા માણસ સામે નાની લાગતી હોય છે. હંમેશા આ લોકો એમ કહીને છટકી જતા હોય છે કે અમે તો નાના માણસ અમને શું ખબર પડે ? હમણાં ઘરે રીનોવેશન અને એક્સ્ટેનશન કરાવ્યું એટલે ઘણા નાના માણસો સાથે કામ પાર પાડવાનું આવ્યું. તેમની માનસિક્તાનો બારીકાઈથી અભ્યાસ કરવાનો મોકો મળ્યો. આ મજૂર વર્ગ તેમના કામમાં દિલદગડાઈ કરે, અપ્રમાણિકતા કરે , બેદરકારી દાખવે, માલિકને હજારોનું નુક્શાન કરે આમ છતાં તેઓ એવી અપેક્ષા રાખે કે અમને શું ખબર પડે, અમે મજૂર માણસ, અમે ક્યાં ભણેલા છીએ. આવા બહાના હેઠળ - તેઓનો કઈ જ વાંક નથી આ નુકશાન તો સ્વીકારવુંજ રહ્યું. તમે કઈ પણ એક્શન લો એટલે સમાજ હંમેશા આ નબળા પક્ષ સાથે જ હોય કે નાના માણસને શું હેરાન કરવાનો, નાના માણસને આવું કરાય ? આવી શિખામણ દેવા પણ લોકો ટાંપીને બેઠા હોય છે. આ જ નાનો માણસ તેના પૈસા લેવામાં તેની મજૂરી લેવામાં એટલો જાગૃત અને દક્ષ હોય છે કે આપણે ભૂલી જઈએ કે સાલું પ્રોફેશનલ હું છું કે આ મજૂર ? એટલી ઝીણી ઝીણી વાતોની નોંધ તેમની પાસે હોય કે આપણને એમ થાય કે આટલું બારીકાઈથી તો પ્રોફેશનલ પણ તેની પ્રેક્ટિસમાં વિચારતો નથી.આ લોકો એટલા પ્રોફેશનલ કે તમે એક ખૂણામાં ઈંટ ઉતારવાનું કહો હવે ત્યાં જગ્યા ન રહે તો બાકીની ઈંટ એક ફૂટ દૂર (હા, એક જ ફૂટ દૂર) ઉતારવા કહો એટલે એમ કહે કે આપણે અહીંયા ઉતારવાની વાત થઈ હતી, જો એક ફૂટ દૂર ઉતારવી હોય તો એક્સ્ટ્રા ચાર્જ થશે. પોતાના સ્વાર્થ માટે આ નાના માણસની બુદ્ધિ કેટલું મોટું વિચારતી હોય એવું લાગે ? પૈસા માટે જેટલી જાગૃતિ એટલી કામ માટે નથી હોતી. ઘણી વખતતો આપણો વિષય ન હોય એવી બાબતમાં પણ આપણને એમ થાય કે આ રીતે કામ કર્યું તેના કરતાં આ રીતે કામ કર્યું હોત તો ઓછા ખર્ચે, ઓછા નુક્શાનથી થયું હોત. આ વાત એમને પણ ખબર હોય આમ છતાં બેદરકારી દાખવે અને તમે કંઈ કહો એટલે એમ કહે અમે મજૂર માણસ અમને શું ખબર પડે ? પણ એમનું બિલ હાથમાં આવે એટલે ખબર પડે કે એમને જેટલી ખબર પડતી હતી એટલી તો આપણને પણ ક્યાં પડે છે !

આ નાનો માણસ હંમેશા તેમની ટૂંકી બુદ્ધિ એ ટુક સમયમાં પોતાનો સ્વાર્થ સાધી લેવાની વાતનો જ વિચાર કરતો હોય છે. તેઓ હંમેશા આજનો જ વિચાર કરે છે, કે વધીને કાલનો ! પરંતુ લાંબા ગાળાનું આયોજન કે વિચાર તેમની પાસે નથી. તેમની તાકાત સત્તા પલટાવી નાખવાની હોય છે તેની તેમને જ ખબર નથી. જો લેનિન જેવો નેતા મળે તો સત્તા પલટાવી શકે છે પરંતુ લાંબો વિચાર અને દીર્ઘ દ્રષ્ટિના અભાવે એ પોતાના પગ પર જ કુહાડો મારતા હોય છે. ટૂંકા સ્વાર્થમાં લાંબુ નુકશાન કરતા હોય છે.

તેઓ ઝડપથી બીજા દ્વારા દોરવાઈ જાય છે. બીજાનો હાથો બની જતા હોય છે. જેનો લાભ રાજકીય લેવલ પર ખાસ લેવાતો હોય છે. એમની ટૂંકી બુદ્ધિની અપ્રમાણિકતાનો લાભ અને તેમની બસો પાંચસો રૂપિયાના લોભની માનસિક્તાનો, આ નેતાઓ બેખૂબીથી ઉપયોગ કરી જતા હોય છે એમની તેમને ખબર જ નથી. તેઓ તેમની સાથે કામ કરનારા કે તેમના પડોશી આ જ તેનું વિશ્વ તેનાથી તેને બહાર જોવાની શક્તિ જ નથી. ઉપર ઉઠવાની પણ તૈયારી જ નથી.

-સમાજનો આવો વર્ગ રાષ્ટ્રના યોગદાનમાં નિર્ણાયક સાબિત થતો હોય છે પરંતુ એમને જ ખબર નથી કે તેઓ ખરા નિર્ણાયક છે !

# દક્ષિણ ભારતની 129 બેઠક નિર્ણાયક

## તમિલનાડુમાં ત્રિપાંખિયો જંગ, કર્ણાટકમાં ભાજપને પુનરાવર્તનની આશા તો કેરળમાં INDIA ગઠબંધનને ફાયદો થઈ શકે


**કરંટ ટોપિક**

ધાર્યા કરતા વિપરીત મિજાજ બતાવવા માટે દક્ષિણ ભારતીય નાગરિકો જાણીતા છે. દક્ષિણ ભારતના પાંચ રાજ્યોમાં સ્થાનિક પક્ષો વચ્ચે પણ સંસદ માટે સીધો જંગ છે તો રાષ્ટ્રીય પક્ષો માટે ગઠબંધનનો માર્ગ વધુ મોકળો છે. તમિલનાડુમાં ત્રિપાંખિયો જંગ જોવા મળે છે તો કર્ણાટકમાં ભાજપને પુનરાવર્તનની આશા છે. કેરળમાં INDIA ગઠબંધનને ફાયદો થઇ શકે છે.

તમિલનાડુ દક્ષિણ ભારતમાં સૌથી વધુ બેઠકો ધરાવતું રાજ્ય છે. ૩૯ બેઠકો માટે આ રાજ્યમાં ત્રિપાંખિયો જંગ ખેલાશે. એમ.કે. સ્ટાલિનના DMK અને AIADMK વચ્ચે તમિલનાડુમાં વર્ષોથી સીધો જંગ જામે છે. સ્ટાલિને ઇન્ડિયા ગઠબંધનમાં જોડાણ કર્યું છે એટલે રાજ્યમાં DMK ૩૯માંથી ૨૨ બેઠકો પર ચૂંટણી લડે છે. કોંગ્રેસ ૯ બેઠકો, સીપીઆઇએમ બે, સીપીઆઇ બે અને ઇન્ડિયન મુસ્લિમ લીગ એક બેઠક પર ચૂંટણી લડી રહી છે.

એમજીઆરે સ્થાપેલી પાર્ટી AIADMK ૩૪ બેઠકો પર ચૂંટણી લડશે. AIADMK એ સ્થાનિક પાર્ટીઓ સાથે ગઠબંધન કરીને પાંચ બેઠકો તેમને આપી છે. જયલલિતાના સમયમાં AIADMK નો સુવર્ણયુગ ચાલતો હતો પરંતુ તેમના નિધન બાદ પાર્ટી વેરવિખેર થઇ ગઇ હોવાથી તેનો સીધો લાભ DMKને મળી રહ્યો છે. ભાજપે પણ તમિલનાડુમાં સ્થાનિક નવ પાર્ટીઓ સાથે ગઠબંધન કર્યું છે. ભાજપ ૨૨ બેઠકો પર લડે છે. પીએમકે ૧૦ બેઠકો પર લડશે. TMC (M)ને ત્રણ બેઠકો ફાળવાઇ છે. તે સિવાયની જે તે વિસ્તારમાં પ્રભાવ હોય એવી પાર્ટીઓને એક-એક બેઠકો આપવામાં આવી છે. મતોના વિભાજન પર તમિલનાડુના પરિણામોનો મુખ્ય આધાર રહેશે.

દક્ષિણના રાજ્યોમાંથી સત્તાધારી ભાજપને સૌથી વધુ આશા કર્ણાટકથી છે. કર્ણાટકમાં ભાજપ અને જનતાદળ (એસ)નું ગઠબંધન છે. પૂર્વ વડાપ્રધાન એચ.ડી.દેવગૌડાની પાર્ટી રાજ્યમાં ત્રણ બેઠકો પર ચૂંટણી લડે છે. ભાજપે ૨૫ બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા છે. કોંગ્રેસે તમામ ૨૮ બેઠકો પર એકલા હાથે ઝંપલાવ્યું છે.




ગત વર્ષે થયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને ૨૨૪માંથી ૧૩૫ બેઠકો મળી હતી. રાજ્યમાં કોંગ્રેસ સત્તામાં છે અને વિધાનસભાની જેમ જ લોકસભામાં પણ ધારી સફળતા મળશે એવી આશા છે. ૨૦૧૯માં કોંગ્રેસને માત્ર એક બેઠક મળી હતી. એક બેઠક JDSના ફાળે ગઇ હતી. ૨૫ બેઠકો પર કમળ ખીલ્યું હતું. ભાજપને એવી આશા છે કે રાજ્યના મુદ્દા અલગ હોય છે, પરંતુ કેન્દ્રની યોજનાઓ અને કેન્દ્રીય નેતૃત્વને ધ્યાનમાં રાખીને લોકો મતદાન કરતા હોવાથી આ વખતે પણ ભાજપ ૨૫ બેઠકો મેળવશે. ભાજપે તો ગઠબંધન સહિત તમામ ૨૮ બેઠકો જીતવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે.

દક્ષિણ ભારતના જે રાજ્યોમાં કોંગ્રેસને ખુબ આશા છે એમાનું એક રાજ્ય કેરળ છે. ૨૦૧૯માં કોંગ્રેસે ત્રણ સ્થાનિક પાર્ટીઓ સાથે જોડાણ કર્યું હતું. કોંગ્રેસે ૧૬ બેઠકો પરથી ઉમેદવારો ઉભા રાખ્યા હતા અને ચાર બેઠકો સાથી પક્ષોને આપી હતી. કોંગ્રેસના નેતૃત્વમાં ગઠબંધનને ૧૯ બેઠકો મળી હતી. કોંગ્રેસના ૧૬માંથી ૧૫ ઉમેદવારો વિજેતા બન્યા હતા. દેશભરમાં ગત ચૂંટણીમાં કોંગ્રેસ માટે કપરાં ચઢાણ હતા ત્યારે કેરળમાંથી રાહત મળી હતી. રાહુલ ગાંધી અમેઠીમાંથી હાર્યા હતા પણ વાયનાડથી મોટા માર્જિનથી જીત્યા હતા. NDA ગઠબંધનને એક પણ બેઠક મળી નહતી. આ ચૂંટણીમાં કોંગ્રેસના નેતૃત્વમાં INDIA ગઠબંધનનો સામનો ડાબેરી ઉપરાંત NDA ગઠબંધન સાથે છે. રાજ્યમાં ત્રિપાંખિયો જંગ ખેલાશે. અન્ય રાજ્યોમાં CPIM,CPI સાથે કોંગ્રેસનું ગઠબંધન છે પરંતુ કેરળમાં સ્થાનિક નેતાઓ વચ્ચે ભારે સ્પર્ધા છે. કેરળ કોંગ્રેસના નેતાઓ ડાબેરી પાર્ટીઓ સાથે ગઠબંધન કરવાના પક્ષમાં ન હોવાથી આખરે કોંગ્રેસે ૨૦૧૯ના જૂના સાથી પક્ષો સાથે જ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે.

આંધ્ર પ્રદેશમાં લોકસભાની સાથે વિધાનસભાની પણ ચૂંટણી છે. આંધ્ર પ્રદેશમાં વિધાનસભાની ૧૭૫ બેઠકો છે. બહુમતી માટે ૮૮ બેઠકોની જરૂર પડે છે. લોકસભાની ૨૫ બેઠકો છે. ગત ચૂંટણીમાં વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના જગનમોહન રેડ્ડીએ ૧૩૫ બેઠકો જીતીને સપાટો બોલાવ્યો હતો. એટલું જ નહીં, લોકસભામાં પણ ૨૫માંથી ૨૨ બેઠકો મેળવી હતી. અત્યારે સંસદમાં ૨૨ બેઠકો સાથે વાયએસઆર કોંગ્રેસ પાંચમી મોટી પાર્ટી છે. રાજ્યમાં વાયએસઆરની સીધી ટક્કર તેલુગુ દેશમ પાર્ટી (TDP) સાથે છે. TDPને ૨૦૧૯માં વિધાનસભાની માત્ર ૨૩ બેઠકો મળી હતીને લોકસભાની માત્ર ત્રણ બેઠકો પર વિજય થયો હતો. આ ચૂંટણીમાં વાયએસઆર તમામ ૨૫ બેઠકો પર એકલા ચૂંટણી લડે છે. TDPનું ભાજપ સાથે ગઠબંધન છે. ૧૭ બેઠકો પર TDP ચૂંટણી લડે છે. ૬ બેઠકો ભાજપના હિસ્સામાં આવી છે. બે બેઠકો જન સેના પાર્ટીને મલી છે. કોંગ્રેસે સીપીઆઈએમ અને સીપીઆઇ સાથે ગઠબંધન કર્યું છે.

આંધ્ર પ્રદેશમાંથી અલગ થયા બાદ તેલંગણામાં લોકસભાની આ બીજી ચૂંટણી છે. અગાઉ આંધ્ર પ્રદેશની કુલ ૪૨ બેઠકો હતી. ૨૦૧૪માં એ બેઠકોની ચૂંટણી સાથે થયેલી. ૨૦૧૪થી નવું રાજ્ય અસ્તિત્વમાં આવ્યા બાદ ૨૦૧૯માં પ્રથમ વખત રાજ્યની ૧૭ બેઠકોની ચૂંટણી થઇ હતી. એમાં કેસીઆરની પાર્ટી તેલંગમા રાષ્ટ્રીય સમિતિને નવ બેઠકો મળી હતી. ભાજપ ચાર બેઠક જીતવામાં સફળ થઇ હતી. કોંગ્રેસને ત્રણ અને ઓવૈસીની છૈંસ્સ્ને એક બેઠક મળી હતી. આ ઇલેક્શનમાં ટીઆરએસમાંથી નામ બદલીને ભારતીય રાષ્ટ્રીય સમિતિ (બીઆરએસ) બનેલી કેસીઆરની પાર્ટીનો બે નેશનલ પાર્ટી ભાજપ-કોંગ્રેસ સામે જંગ છે. આ ત્રિપાંખિયા જંગમાં કોંગ્રેસને ૧૦થી ૧૨ બેઠકો જીતવાની આશા છે. કેસીઆરની પાર્ટી નબળી પડી હોવાથી હજુ ગત વર્ષે તેલંગાણાની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે વિજય મેળવ્યો હતો. ડિસેમ્બર-૨૦૨૩માં મુખ્યમંત્રી બનેલા રેવન્ત રેડ્ડી રાજ્યમાં લોકપ્રિય નેતા છે. કોંગ્રેસે રેવન્ત રેડ્ડીના ભરોસે આ ચૂંટણી પાર ઉતારવાનો વ્યુહ ઘડ્યો છે. છેલ્લા ચારેક મહિનામાં રેવન્ત રેડ્ડીએ રાજ્યમાં જે નિર્ણયો કર્યા છે તેની અસર પણ થશે. ખાસ તો ખેડૂતો માટે કરેલી જાહેરાતોનો લાભ થશે. ભાજપે કેસીઆર અને કોંગ્રેસ બન્ને સામે પડકાર ખડો કર્યો છે. ભાજપનો પ્રભાવ અટકાવવા કોંગ્રેસ એડીચોટીનું બળ લગાવે છે.

# ઓનલાઇન ખરીદીનો મોહભંગ થઈ રહ્યો છે

## છેલ્લા કેટલાક મહિનાઓથી ઓનલાઇન ખરીદી માટેનો ક્રેઝ ઝડપભેર ઘટી રહ્યો છે કારણ કે ધીમે ધીમે લોકોને એ વાતનો ખ્યાલ આવી રહ્યો છે કે ઓનલાઇન ખરીદી સસ્તી નથી આમાં પણ ખોટું થાય છે આના કરતા બજારમાંથી રોકડા પૈસા આપીને ખરીદવામાં છેતરાવાનો ભય ઓછો રહે છે

ભાવનગરના ભુપતભાઈએ ઓનલાઈન વેબસાઈટ પરથી બે ચીજો ખરીદી હતી પરંતુ વેબસાઇટ એ બેને બદલે ત્રણ ચીજો નાખી દીધી અને એ રીતે ત્રણના પૈસા ભૂલમાં ભુપતભાઈએ ચૂકવી દીધા. ભાવનગરના મધુબેને ઓનલાઈન વેબસાઈટમાં લવાજમ ભરવાનું હતું.પણ વેબસાઈટ મધુબેનની જાણ બહાર જ એક મહિનાને બદલે ત્રણ મહિનાનું લવાજમ લઈ લીધું.

આવા કાવા દાવા ઓનલાઈન વેપાર કરતી અમુક કંપનીઓ કરી રહી છે તેની જાણ હવે ધીમે ધીમે લોકોને થવા લાગી છે લોકો વિચારે છે કે આના કરતા બજારમાં જઈને રોકડેથી ખરીદ કરીએ તો છેતરાવાનું બને નહીં

અમુક વેબસાઈટ તો માગી હોય એના કરતાં જુદી જ વસ્તુ આપી વધુ કિંમત વસુલે. એવું બને કોઈ વાર એક વસ્તુ મંગાવવામાં આવે અને તે વસ્તુ ખરાબ નીકળે તો મુશ્કેલીનો પાર રહેતો નથી. આમાં એવી પણ વેબસાઈટ જ છે જે વસ્તુ આવે પછી પૈસા ચૂકવવા નું પ્રોમિસ આપે છે પરંતુ જો આ જ વસ્તુ સેકન્ડ ગ્રેડની હોય તો ટૂંક સમયમાં બગડી જાય છે અને આ વસ્તુ બગડે પછી તેનો કોઈ જવાબ સહેલાઈથી મળતો નથી એને બદલે આવી ઇલેક્ટ્રોનિક વસ્તુ જો બજારમાંથી ખરીદી હોય તો તમે વ્યાપારી પાસે સહેલાઈથી જઈ શકો એની પાસે રીપેર કરાવી શકો અથવા રિપ્લેસમેન્ટ કરાવી શકો પરંતુ ઓનલાઇન આ વસ્તુ કરવી ખૂબ મુશ્કેલ છે

જયસુખભાઈ ઓનલાઈન મુસાફરીની ટિકિટ મંગાવી અને તેની જાણ બહાર જ તે ટિકિટ સાથે મુસાફરીનો વીમો પણ ડિફોલ્ટ ઓપ્શન તરીકે પધરાવી દીધો આથી ઓનલાઇન વેબસાઈટ પર તમે જે કંઈક ખરીદો છો તેના પર જો તમે સાવચેતી પૂર્વકની નજર નાખો તો તમે સો ટકા આર્થિક રીતે નુકસાનીમાં ઉતરી જશો કારણ કે આ કંપનીની ચાલાકી હવે લોકોની સમજમાં આવતી જાય છે અને ધીમે ધીમે આ ક્રેઝ ઘટતો જાય છે

માણસની પ્રકૃત્તિ એવી છે કે કોઈ વસ્તુની બજારમાં જો તંગી હોય તો એ ખરીદવા લોકો દોટ મૂકે છે. લક્ઝરી ચીજોના વેચાણકારો જ્યારે લિમિટેડ એડિશનની હેન્ડબેગ્સ કે ઘડિયાળો બજારમાં મૂકે ત્યારે લોકોના આ જ સ્વભાવનો લાભ લે છે અને ધનાઢ્ય લોકો મર્યાદિત સંખ્યામાં બજારમાં મૂકાયેલી એવી ચીજો ખરીદવા માટે પડાપડી કરે છે.

જો કે માત્ર લક્ઝરી ચીજોના વેચાણકારો જ નહીં, તમારા લત્તાનો કોઈ દુકાનદાર અથવા તો કોઈ શોપિંગ વેબસાઈટ પણ આવી પ્રયુક્તિ અજમાવી શકે છે. હવે ફલાણી ચીજનું વેચાણ થોડીક વારમાં બંધ થઈ જશે એવું વાંચીને તમે ક્યારેય અડધી રાતે ખરીદી કરી છે? હવે માત્ર બે જ આઈટમ બચી છે એવું વાંચીને તમે ક્યારેય કોઈ ચોક્કસ સાઈઝ કે કલરના શર્ટ પર ક્લિક કરી દીધું છે? કોઈ ગિફ્ટ કુપનની દે અવિધ જલદીથી પૂરી થઈ જશે એવા કારણસર તમે બિનજરૂરી બુટ પર ક્યારેય પાંચ હજાર વેડફી નાખ્યા છે?

આ તમામ પ્રલોભનો કશુંક શક્ય તેટલી – ઝડપથી ખરીદી લેવાની ઉતાવળ તમારા સ મનમાં જન્માવે છે. આ રીતે ભોળવાઈ જવાને બદલે તમે

**આસપાસ ચોપાસ**

સુરેશ ભટ્ટ

તમારી જાતને એ હકીક્ત યાદ દેવડાવો કે તમારે જે કંઈ જોઈએ છે એ ખરીદવાના અવસરો ભવિષ્યમાં આવવાના જ છે.

કેટલાંક પ્લેટફોર્મ્સ તમારી લાગણીઓ સાથે રમત રમતાં હોય છે. તમારે 'નો' પર ક્લિક કરવું હોય ત્યારે તમને મિસ ગાઈડ કરીને અલગ વેબસાઈટ પર લઈ જવામાં આવે તમે ડીલીટ કરવા જાવ તો ડીલીટ ન થાય અને નવી નવી ઓફરો અને લોભાવની જાહેરાતો દેખાડવામાં આવે અને તમને યસ પર ક્લિક કરવા માટે મજબૂર કરવામાં આવે એવું પણ આવી સાઈટો કરતી હોય છે કોઈપણ ભોગે તમારા ખીચામાંથી પૈસા કઢાવવા ના આ બધા કાર્સા હોય છે!

તમારે વધારાની વસ્તુ ખરીદ નથી કરવી. તમે મનમાં નક્કી કર્યું હોય છતાં આ સાઇટ તમને યસ પર ક્લિક કરવા માટે પ્રેરિત કરે છે તમારામાં શરમ ભાવ ઉભો કરે છે અપરાધ ભાવ ઉભો કરે છે. ડોનેશન માગતી વેબસાઈટ આવું કરે છે. અત્યંત મજબૂર માસુમ બાળકો ના ફોટા મૂકીને તેના માટે તે ડોનેશન માંગે છે અને માનવીના દિલમાં કરુણા ભાવ જાગૃત થતા તે ક્લિક કરીને ડોનેશન આપી દે છે આ ડોનેશન કોના ખાતામાં જાય છે એની કોઈને ખબર પડતી નથી!

તમે જો એ વાત યાદ રાખો કે આ બધું તમારી લાગણીઓ સાથે રમીને તમને વિવશ કરવા માટે જ થતું હોય છે તો તમે એની અવગણના કરી શકશો.

તમે ઓનલાઈન ખરીદી કર્યા પછી ચૂકવણી કરતી વખતે ઉતાવળ કરો છો? જો એવું કરતા હો તો શક્ય છે કે એકાદ- બે ચીજો તમને વધારે પધરાવી દેવામાં આવે. એ પણ શક્ય છે કે કોઈ ચીજ ખરીદતી વખતે એનો જે ભાવ તમે જોયો હોય એના કરતાં વધુ ભાવ લેવાય. અને એ પણ તમારી જાણ બહાર. આમાં હીડન ચાર્જ ઉમેરવામાં આવે છે જે તમને દેખાડવામાં નથી આવતો પરંતુ બેંકમાંથી પૈસા જાય ત્યારે જ ખબર પડે છે કે વધારે પડતા પૈસા ચૂકવાના છે.

બાસ્કેટ સ્નીકિંગ નામની આ પ્રયુક્તિમાં છે એવું થતું હોય છે કે તમે બે ચીજ ખરીદીને કાર્ટમાં નાખી હોય, પણ ચેક-આઉટ વખતે વેબસાઈટે બેને બદલે ત્રણ ચીજ કાર્ટમાં નાખી દીધી હોય. આ રીતે તમે ઉતાવળમાં ત્રણ ચીજના પૈસા ચૂકવી દેતા હો છો. વેબસાઈટો ક્યારેક મિનિમમ ઓર્ડરના બહાને પણ તમને એકને બદલે ત્રણ ચીજો પધરાવી દેતી હોય છે. અથવા તો તમારી જાણબહાર જ વધુ મહિનાનું લવાજમ એડ કરી દેતી હોય છે. ઘણી ટિકિટ બુકિંગ સાઈટો તમારી જાણબહાર તમને ટિકિટ સાથે મુસાફરીનો વીમો પણ ડિફોલ્ટ ઓપ્શન તરીકે પધરાવી દેતી હોય છે. આથી તમે જે કંઈ પણ ખરીદો છો એના પર નજર રાખો અને તમને વણજોઈતી ચીજો કાર્ટમાં ઉમેરાયેલી દેખાય તો એને કાઢી નાખો.

આમ ઓનલાઇન છેતરપિંડી થી તમે બચી શકો છો જ્યારે તમે ઓનલાઇન જાવ અને વસ્તુ મંગાવો ત્યારે બરોબર ચેક કરો નહીં તો તમારા ખિસ્સા નો ભાર ખૂબ જ સહેલાઈથી હળવો થઈ જશે અને તમને ખબર પણ નહીં પડે !

# નોકરી કરતા લોકો માટે સ્વર્ગ સમાન આ પાંચ દેશ

## આ પાંચ દેશો જ્યાં કર્મચારીઓને સૌથી વધુ સુવિધાઓ મળે છે

ન્યુઝીલેન્ડ

નોકરી કરતા લોકો માટે કામ અને જીવન વચ્ચે સંતુલન જાળવવું ખૂબ મુશ્કેલ છે. ખાસ કરીને સ્ત્રીઓ માટે. બાળકોનો ઉછેર હોય કે પરિવારનું ધ્યાન રાખવું, દરેક વખતે તેમને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ઓફિસમાં લાંબા સમય સુધી કામ કરવાને કારણે ઘણી વખત રજાઓ મળતી નથી. જરૂર પડ્યે પણ સમયસર પહોંચી શકતા નથી. પરંતુ આ પાંચ દેશો જ્યાં કર્મચારીઓને સૌથી વધુ સુવિધાઓ મળે છે.

રિપોર્ટમાં કર્મચારીઓને આપવામાં આવતી સુવિધાઓના આધારે રેન્કિંગ આપવામાં આવ્યું છે. જેમ કે કયા દેશોમાં કર્મચારીઓને કેટલી રજાઓ મળે છે? તેમનો લઘુત્તમ પગાર કેટલો છે? જ્યારે તેઓ બીમાર પડે છે ત્યારે તેમના માટે શું સુવિધાઓ છે? મહિલાઓને કેટલી પ્રસૂતિ રજા આપવામાં આવે છે વગેરે. આ પછી પાંચ દેશોમાં સર્ચ કરવામાં આવ્યું છે. ન્યુઝીલેન્ડ નંબર વન પર છે. અહીં મહિલાઓને ૨૬ અઠવાડિયાની પ્રસૂતિ રજા મળે છે. પગાર પણ ઘણો વધારે છે. દર વર્ષે ૩૨ લીવ આપવામાં આવે છે. અહીં કામનું દબાણ નથી. ૧૪% કર્મચારીઓ દર અઠવાડિયે ૫૦ કલાકથી વધુ કામ કરે છે. તેની પાસે દરરોજ ૧૫ કલાક છે, જેનો ઉપયોગ તે તેના પરિવાર માટે કરે છે. જ્યારે ઘણા સમૃદ્ધ દેશોમાં આવું નથી હોતું.

બીજા નંબર પર સ્પેન છે. અહીં દર વર્ષે ૨૬ રજાઓ આવે છે, જેને લોકો પણ લે છે. માત્ર ૨.૫% લોકો ઓવરટાઈમ કામ કરે છે. ઘણા લોકો આ પોતાની સ્વતંત્ર ઈચ્છાથી કરે છે. અહીં કર્મચારીઓને એક કલાક આરામ આપવામાં આવે છે. જ્યારે યુકે અને આયર્લેન્ડમાં ઘણા લોકો તેમનો બધો સમય કામ પર વિતાવે છે. તમને જાણીને નવાઈ લાગશે કે ૨૦૧૬માં સ્પેનના તત્કાલિન વડાપ્રધાને કર્મચારીઓને જલ્દી રજા આપવાનું કહ્યું હતું.

ડેનમાર્ક ત્રીજા નંબરે છે. અહીં લોકો સામાન્ય રીતે સવારે ૮ વાગ્યે કામ શરૂ કરે છે અને ૪ વાગ્યે સમાપ્ત થાય છે. આ પછી કંપનીમાં રહેવું પણ ગુનો માનવામાં આવે છે.

# લંડનમાં કોર્ટે ભૂલથી દંપતીને છૂટાછેડા આપી દીધા

## વકીલે અરજી કરતી વખતે ઑનલાઈન પોર્ટલ પર ભૂલ કરી, દંપતી છૂટાછેડા માટે તૈયાર નહોતું



લંડન,

દેશ અને દુનિયામાં વિવાહિત યુગલો માટે છૂટાછેડાની પ્રક્રિયા અલગ છે. ઘણા એવા દેશ છે જ્યાં છૂટાછેડા સરળતાથી મળી જાય છે, જ્યારે ભારત સહિત ઘણા એવા દેશો છે જ્યાં છૂટાછેડા લેવા માટે વર્ષો લાગી જાય છે, પરંતુ હાલમાં જ લંડનથી એક એવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે કે કોઈને પણ આશ્ચર્ય થશે. અહીંની કોર્ટે ભૂલથી દંપતીને છૂટાછેડા આપી દીધા. વિચિત્ર લાગે છે કે કોઈ વ્યક્તિ ભૂલથી કેવી રીતે છૂટાછેડા લઈ શકે? અહીં અમે તમને આખો મામલો જણાવી રહ્યા છીએ. વાસ્તવમાં આ બધું આયેશા ફફ્ક્ષિફ્કપ્ન્નજ ની લંડન સ્થિત લો ફર્મ વરદાગ્સના સોલિસિટરની ભૂલને કારણે થયું હતું. પરિણામ એ આવ્યું કે ન્યાયાધીશે નિર્ણય પાછો ખેંચવાની ના પાડી. મિસ્ટર એન્ડ મિસિસ વિલિયમ્સ નામના આ કપલના લગ્નને ૨૦૨૩ માં ૨૧ વર્ષ થયા હતા.

# શાળામાં નમાજ પઢી શકાય નહીં લંડન હાઈકોર્ટ ચુકાદો

## રિવાજ કે ધાર્મિક સ્વતંત્રતા શાળાના નિયમોથી વિશેષ નથી

વેમ્બલી

શૈક્ષણિક સંસ્થાઓમાં ધાર્મિક સ્વતંત્રતાના મુદ્દે ઘણા વિવાદ થતા હોય છે પણ લંડનની હાઈકોર્ટે આ મુદ્દે સ્પષ્ટ ચુકાદો આપ્યો છે. કોર્ટે એક મુસ્લિમ વિદ્યાર્થીનીએ કરેલી શાળામાં નમાજ પઢવાની અરજીને ફગાવી દીધી હતી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, કોઈ પણ રીતિ રિવાજ કે ધાર્મિક સ્વતંત્રતા શાળાના નિયમોથી ઉપર નથી.

લંડનના વેમ્બલીમાં મિશેલા સ્કુલના નિયમો સામે એક મુસ્લિમ વિદ્યાર્થીનીએ કોર્ટમાં અરજી કરી હતી. તેની દલીલ હતી કે, શાળામાં



તેના ધર્મની પ્રાર્થના કરવા પ્રતિબંધ છે અને તેની સાથે ભેદભાવપૂર્ણ વર્તન કરાય છે. તેના જવાબમાં સરકારી શાળા મિશેલાએ હાઈકોર્ટને જણાવ્યું હતું કે, ‘મુસ્લિમ વિદ્યાર્થીનીને નમાજ પઢવાની મંજુરી આપવાથી વિદ્યાર્થીઓમાં સમાવેશી દ્રષ્ટિકોણ નબળો પડવાનું જોખમ છે.’

અરજીને ફગાવતા ૮૩ પાનાના ચુકાદામાં જજ થોમસ લિંડેને જણાવ્યું હતું કે, ‘વિદ્યાર્થીનીએ શાળામાં પ્રવેશ લીધો ત્યારે તેણે તમામ નિયમો સ્વીકાર્યા હતા. જેમાં એવું પણ જણાવાયું હતું કે, તેને ધર્મને આધારે કોઈ પ્રકારની છુટછાટ આપવામાં નહીં આવે.’ વિદ્યાર્થીનીએ આરોપ મૂકયો હતો કે, ‘શાળાના પ્રતિબંધને કારણે તેના ધાર્મિક સ્વતંત્રતાના અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. આ એક પ્રકારનો ભેદભાવ છે, જે ધાર્મિક લઘુમતી સમાજને અલગ હોવાનો અહેસાસ કરાવે છે.

# પાકિસ્તાનની પ્રખ્યાત અભિનેત્રી બુશરા અંસારીએ ૬૬ વર્ષની વયે બીજા લગ્ન કર્યા

ઈસ્લામાબાદ,

પાકિસ્તાની દિગ્ગજ સ્ટાર બુશરા અંસારી વિશ્વભરમાં ચાહકો દ્વારા પસંદ કરવામાં આવે છે. જેની ફળદાયી કારકિર્દી ત્રણ દાયકાથી વધુ લાંબી છે, તેને તેની અભિનય યાત્રા દરમિયાન કેટલાક સૌથી યાદગાર પ્રદર્શન આપ્યા છે. અંસારી પણ એવા છે, જે પોતાના મનની વાત કરવામાં શરમાતા નથી.

જ્યારે તે તેના અંગત જીવનને તેના વ્યાવસાયિક મોરચાથી અલગ રાખવાનું પસંદ કરે છે, ત્યારે આ વર્ષે જાન્યુઆરીમાં, ઉદારી સ્ટારે પ્રથમ વખત તેના લગ્ન અને છૂટાછેડા- વિશે વાત કરી હતી. સ્થાનિક ટીવી ચેનલ પર અહેસાન ખાન સાથેની વાતચીતમાં, અન્સારીએ ખુલાસો કર્યો હતો કે તેને પાંચ વર્ષ પહેલા છૂટાછેડા લીધા હતા અને તે ક્યારેય તેના ચાહકો સાથે આ બાબત શેર કરી નથી અને શા માટે તે હજી પણ તેના સંઘર્ષને શેર કરવાનું ટાળે છે. ‘‘સેલિબ્રિટી બનવાની સમસ્યા એ છે કે આપણી બધી સફળતાની જેમ, આપણી સમસ્યાઓ પણ જીવન કરતાં મોટી બની જાય છે. એટલી બધી કે જેઓ આપણને આદર્શ બનાવે છે તેમની સફળતા કે નિષ્ફળતા બની જાય છે,’’ તેને કહ્યું હતું. અંસારીએ ઉમેર્યું હતું કે તે તેની સમસ્યાઓ જાહેર કરવા માંગતી નથી કારણ કે તેના ચાહકો નિરાશ થઈ શકે છે. સ્ટારે ઉમેર્યું હતું.



# કપિલ શર્મા વૈષ્ણોદેવી મંદિરમાં ભજન ગાઈને માની ભક્તિમાં લીન થયા



જમ્મુ,

એક્ટર કોમેડિયન કપિલ શર્મા આ દિવસોમાં નેટફ્લિક્સ ઓરિજલ કોમેડી શો ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શોમાં વ્યસ્ત છે. પોતાની વ્યસ્ત શેડ્યુઅલમાંથી સમય નીકાળીને એક દિવસ પહેલાં જમ્મુ સ્થિત માતા વૈષ્ણોદેવી મંદિર પહોંચ્યા હતા. કપિલની સાથે પત્ની અને બાળકો પણ હતા. જમ્મુતી કપિલની તસવીરો અને વિડીયો સામે આવી રહ્યા છે. શ્રી માતા વૈષ્ણો દેવીની આરાધના કરતા જોઈ શકાય છે. આ સાથે માતા રાનીની આરાધન કરતા જોઈ શકાય છે. કપિલ માતા રાનીના ગીત ગાઈ રહ્યા છે. આ સાથે એક પૂરી મંડળી છે. કપિલ શર્માએ આશા ફિલ્મના તૂને મુઝે બુલાયા સહિત અનેક ભક્તિ ફિલ્મો ગાયા હતા. પહેલાં કપિલ શર્માએ પત્ની અને બાળકોની સાથે માતા વૈષ્ણો દેવીના દર્શન કરીને આશીર્વાદ લીધા અને પછી માતાના ભજન કર્યા. આ દરમિયાન ગિન્ની અને બાળકો માતાની ભક્તિમાં રમતા જોવા મળ્યા.

# સમગ્ર વિશ્વમાં ઓરીનો ખતરો : ભારતમાં પણ વાયરલ રોગનું સંકટ વધી રહ્યું છે

નવીદિલ્હી,

વિશ્વના સૌથી ઘાતક રોગોની યાદીમાં ઓરીનો પણ સમાવેશ થાય છે, જેને બોલચાલમાં ઓરી પણ કહેવામાં આવે છે. આ એક વાયરલ રોગ છે જે રૂબીઓલા વાયરસથી થાય છે. જો ઓરીથી પીડિત વ્યક્તિ ખાંસી કે છીંક ખાય છે, તો વાયરસ વ્યક્તિના લાળના કણોમાં વહી જાય છે અને હવામાં ફેલાય છે. ઓરીથી સંક્રમિત વ્યક્તિ ૧૨ થી ૧૮ લોકોને સીધો ચેપ લગાવી શકે છે. હાલમાં તે અમેરિકા માટે ચિંતાનું કારણ બની ગયું છે. હકીકતમાં, ઓરી ફરી એકવાર અમેરિકામાં પાછી આવી છે. ડેટા અનુસાર, ૨૦૨૪માં ૩ એપ્રિલ સુધી કુલ ૧૧૩ કેસ નોંધાયા છે. અમેરિકા મુશ્કેલીમાં છે કારણ કે વર્ષ ૨૦૦૦માં અહીં ઓરી નાબૂદ થઈ હતી. તે પછી કેટલાક મામલાઓ સામે આવ્યા પરંતુ યુએસ દરેક વખતે તેનો સામનો કરવામાં સફળ રહ્યું. પછી વર્ષ ૨૦૧૯ આવ્યું જ્યારે ઓરીએ ૨૫ વર્ષમાં સૌથી ગંભીર સ્વરૂપ લીધું. તે વર્ષે ૧૨૭૪



કેસ નોંધાયા હતા. જો આપણે તે મુજબ જોઈએ તો ૨૦૨૪ ના કેસ તુલનાત્મક રીતે ઓછા છે. પરંતુ યુએસ સેન્ટર ઓફ ડિસીઝ કંટ્રોલ અનુસાર, જો આપણે આ વર્ષના પ્રથમ ત્રણ મહિનાની સરખામણી છેલ્લા ત્રણ વર્ષના પ્રથમ ત્રણ મહિના સાથે કરીએ તો આ વખતે આ સંખ્યા સરેરાશ કરતા ૧૭ ગણી વધારે છે. આખરે અમેરિકામાં ઓરીનો ખતરો કેમ પાછો આવ્યો અને ભારત સહિત અન્ય દેશોમાં શું સ્થિતિ છે? એવું નથી કે આ રોગ સંપૂર્ણપણે નાબૂદ થઈ ગયો છે. અત્યારે પણ આ રોગ ઘણા દેશોમાં સામાન્ય રોગ છે. અમેરિકામાં, ઓરીના કેસ એવા લોકો દ્વારા ફેલાય છે જેમને રસી આપવામાં આવી નથી. મોટાભાગના તાજેતરના પ્રકોપમાં રસી વિનાના અમેરિકનોનો સમાવેશ થાય છે જેઓ મધ્ય પૂર્વ અને આફ્રિકામાં ચેપગ્રસ્ત થયા હતા અને ઓરીને યુનાઈટેડ સ્ટેટ્સમાં પાછા લાવ્યા હતા, સીડીસી અહેવાલ આપે છે. અમેરિકામાં, ન્યુયોર્ક, ફિલાડેલ્ફિયા અને શિકાગો સહિત ૧૭ રાજ્યોમાં ઓરી ફેલાઈ ગઈ છે. ૬૧માંથી અડધાથી વધુ કેસ શિકાગોથી આવ્યા છે. આ તે લોકોમાં વધુ જોવા મળે છે જેઓ સ્થળાંતરિત આશ્રયસ્થાનોમાં રહે છે.

# રૂા.૧ લાખની કિંમતના સ્કૂટર પર પોલીસે લગાવ્યો ૧.૩૬ લાખનો દંડ

બેંગલુરુ,

બેંગલુરુના વિવિધ ભાગોમાં સ્થાપિત સીસીટીવીની મદદથી, સ્થાનિક પોલીસ માટે નિયમોનું ઉલ્લંઘન શોધવાનું સરળ બન્યું છે. તાજેતરમાં, પોલીસે ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ હોન્ડા એક્ટિવા પર સવાર એક મહિલાને ૧.૩૬ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

આ મહિલાની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. રિપોર્ટ અનુસાર, મહિલા કોક્સ ટાઉન, બનાસવાડી, સુબૈનાપલાયામાં અને તેની આસપાસ હેલ્મેટ વિના હોન્ડા એક્ટિવા પર મુસાફરી કરી રહી હતી.

જે બાદ રોડ પર લાગેલા સીસીટીવી કેમેરામાં ટ્રાફિકના નિયમોના ભંગના ૨૦૭ કેસ કેદ થયા છે. મોટાભાગના કિસ્સાઓમાં, તેને હેલ્મેટ પહેર્યા વિના ટ્રાફિક સિગ્નલ જમ્પ કર્યા છે અને તેનું સ્કૂટર પણ રોંગ સાઈડમાં ચલાવ્યું છે.

આ સિવાય તે ઘણી વખત ફોન પર વાત કરતી પણ જોવા મળી હતી. ટ્રાફિકના નિયમોનું વારંવાર ઉલ્લંઘન કરતી મહિલાને રોકવા માટે પોલીસે કાર્યવાહી કરવાનું નક્કી કર્યું.જે બાદ બેંગલુરુ ટ્રાફિક પોલીસે મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતા હોન્ડા એક્ટિવા સ્કૂટર સામે ૨૦૭ ઉલ્લંઘનો શોધી કાઢ્યા અને ૧.૩૬ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો. દંડની રકમ તેના સ્કૂટરની કિંમત કરતાં વધુ છે.બેંગલુરુમાં આવો કિસ્સો પહેલીવાર નથી બન્યો. બેંગલુરુમાં ટ્રાફિક ઉલ્લંઘન ખૂબ સામાન્ય છે. ગયા મહિને, બેંગલુરુના સુધામ નગરના હોન્ડા એક્ટિવા સવાર પર ૩.૦૪ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો.પોલીસનું કહેવું છે કે આવા કિસ્સામાં માત્ર વાહન જપ્ત કરવામાં આવશે નહીં પરંતુ નિયમોનું ઉલ્લંઘન કરનારા અને દંડ ન ભરનારાઓ સામે પણ કેસ નોંધવામાં આવશે.આ સિવાય ઉત્તર પ્રદેશમાં પણ આવા ઘણા કેસ નોંધાયા છે. હાલમાં જ હોન્ડા એક્ટિવા સ્કૂટર પર સ્ટંટ કરતી બે યુવતીઓનો વીડિયો વાયરલ થયા બાદ પોલીસે ૮૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

# મારી નજર સામે જ પિતાએ મા અને બહેનની હત્યા કરી : કમલ સદાના

મુંબઈ,

બેખુદી, બાલી ઉમર કો સલામ અને અંગારા જેવી ફિલ્મો માટે પ્રખ્યાત અભિનેતા કમલ સદાના માટે એક સમયે ચાહકોની કોઈ કમી નહોતી. છેલ્લી વખત આ એકેટર ૨૦૨૩માં ફિલ્મ પિપ્પાથી લાઈમલાઈટમાં આવ્યો હતો. અભિનેતાને પહેલી જ ફિલ્મથી જબરદસ્ત સ્ટારડમ મળ્યું હતું. પરંતુ તેણે પોતાની પર્સનલ લાઈફમા ઘણું દુઃખ સહન કર્યું છે. આ દરમિયાન તેના પરિવાર સાથે થયેલા અકસ્માતે તેનું જીવન બદલી નાખ્યું હતુ. અભિનેતાએ વર્ષો પછી ખુલાસો કર્યો છે કે, તેના પિતા બ્રિજ સદનાએ આત્મહત્યા કરતા પહેલા તેની બહેન નમ્રતા અને તેમની માતા



સઈદા ખાનની પણ હત્યા કરી હતી.

કમલે એક ઈન્ટરવ્યુમા પોતાની પર્સનલ લાઈફને લઈને ચોંકાવનારા ફુલાસા કર્યા છે. તેમણે કહ્યું કે, જયારે હું ૨૦ વર્ષનો હતો ત્યારે મારા પિતાએ મારી માતા અને બહેનની ગોળી મારીને હત્યા કરી હતી અને પોતે પણ આત્મહત્યા કરી હતી.

અભિનેતાએ કહ્યું કે, "હું મારી માતા અને બહેનને લઈને તરત જ હોસ્પિટલ ગયો. તેમનુ લોહી વહી રહ્યુ હતુ. તે સમયે મને ખબર ન હતી કે, મને પણ ગોળી વાગી છે. ડૉક્ટરે કહ્યું, ’તમારા શર્ટ પર આટલું લોહી કેવી રીતે આવ્યું?’

મેં કહ્યું, ’ના, એ મારી મા અને બહેનનુ હશે.’ ડૉક્ટરે કહ્યું, ’ના, તમને પણ ગોળી વાગી છે.’ આ હોસ્પિટલમા જગ્યા નથી, તમારે બીજી હોસ્પિટલમાં જવું પડશે.’ મેં કહ્યું, ’ના, તમે મારી મા અને બહેનને જીવતા રાખો.’ મારે મારા પિતાની તપાસ કરવી પડી કે, તેઓ શું કરી રહ્યા છે."

# ૨૨ પૂર્વ મુખ્યમંત્રીઓ લડી રહ્યા છે લોકસભાની ચૂંટણી

## ભાજપે ૧૧ અને કોંગ્રેસે ૫ને ટિકિટ આપી છે



નવીદિલ્હી,

સાત તબક્કામાં યોજાનારી લોકસભા ચૂંટણી માટે પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. ૧૮મી લોકસભા માટે દેશના સેંકડો નેતાઓ પોતાનું રાજકીય નસીબ અજમાવી રહ્યા છે. જેમાં પીએમ મોદી સહિત ૨૨ પૂર્વ મુખ્યમંત્રીઓ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, શિવરાજ સિંહ ચૌહાણ, દિગ્વિજય સિંહ, ઓમર અબ્દુલ્લા, ગુલામ નબી આઝાદ, એચડી કુમારસ્વામી, ચરણજીત સિંહ ચન્ની, જીતન રામ માંઝી, ભૂપેશ બઘેલ, મનોહર લાલ ખટ્ટર અને બિપ્લબ કુમાર સહિત ઘણા પૂર્વ મુખ્યમંત્રીઓ મેદાનમાં છે.

**લોકસભાની ચૂંટણી લડનાર પૂર્વ મુખ્યમંત્રીઓની યાદી**

નરેન્દ્ર મોદી (ભાજપ) : મોદી ૨૦૦૧ થી ૨૦૧૪ સુધી ગુજરાતના મુખ્યમંત્રી હતા. હાલમાં તેઓ યુપીની વારાણસી લોકસભા સીટ પરથી સતત ત્રીજી વખત ચૂંટણી લડી રહ્યા છે.,રાજનાથ સિંહ (ભાજપ): રાજનાથ સિંહ ૨૦૦૦ થી ૨૦૦૨ સુધી ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી હતા. તેઓ યુપીના લખનૌથી સતત ત્રીજી વખત ચૂંટણી લડી રહ્યા છે.,શિવરાજ સિંહ ચૌહાણ (ભાજપ): શિવરાજ સિંહ ચૌહાણ ૨૦૦૫ થી ૨૦૧૮ અને ફરીથી ૨૦૨૦ થી ૨૦૨૩ સુધી મધ્યપ્રદેશના મુખ્યમંત્રી હતા. તેઓ મધ્યપ્રદેશની વિદિશા સંસદીય બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.,મનોહર લાલ ખટ્ટર (ભાજપ): ખટ્ટર ૨૦૧૪ થી ૨૦૨૪ સુધી હરિયાણાના મુખ્યમંત્રી હતા. તેઓ હરિયાણાના કરનાલ સંસદીય ક્ષેત્રથી પહેલીવાર લોકસભા ચૂંટણી લડી રહ્યા છે.,અર્જુન મુંડા (ભાજપ): અર્જુન મુંડા ૨૦૦૩ થી ૨૦૦૬ અને ફરીથી ૨૦૧૦ થી ૨૦૧૩ સુધી ઝારખંડના મુખ્યમંત્રી હતા. તે ઝારખંડની ખુંટી બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.,જગદીશ શેટ્ટર (ભાજપ): શેટ્ટર ૨૦૧૨ થી ૨૦૧૩ સુધી કર્ણાટકના મુખ્યમંત્રી હતા. તેઓ કર્ણાટકની બેલગામ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.,બસવરાજ બોમાઈ (ભાજપ): બોમાઈ ૨૦૨૧ થી ૨૦૨૩ સુધી કર્ણાટકના મુખ્યમંત્રી હતા. તે કર્ણાટકના હાવેરીમાં પોતાનું નસીબ અજમાવી રહ્યો છે.,ત્રિવેન્દ્ર સિંહ રાવત (ભાજપ): રાવત ૨૦૧૭ થી ૨૦૨૧ સુધી ઉત્તરાખંડના મુખ્યમંત્રી હતા. ભાજપે તેમને ઉત્તરાખંડના હરિદ્વારથી ટિકિટ આપી છે.

આ ઉપરાંત એચડી કુમારસ્વામી (જેડીએસ): તેઓ ૨૦૦૬ થી ૨૦૦૭ અને ફરીથી ૨૦૧૮ થી ૨૦૧૯ સુધી કર્ણાટકના મુખ્યમંત્રી હતા. તેઓ માંડ્યા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. કર્ણાટકમાં ભાજપ-જેડીએસનું ગઠબંધન છે.,નલ્લારી કિરણ કુમાર રેડ્ડી (ભાજપ): રેડ્ડી ૨૦૧૦ થી ૨૦૧૪ સુધી આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી હતા. તેઓ આંધ્ર પ્રદેશના રાજમપેટથી ચૂંટણી લડી રહ્યા છે.,સર્બાનંદ સોનોવાલ (ભાજપ): સોનોવાલ ૨૦૧૬ થી ૨૦૨૧ સુધી આસામના મુખ્યમંત્રી હતા. તેઓ ડિબ્રુગઢથી ચૂંટણી લડી રહ્યા છે.,બિપ્લબ કુમાર દેબ (ભાજપ): દેબ ૨૦૧૮ થી ૨૦૨૨ સુધી ત્રિપુરાના મુખ્યમંત્રી હતા. તેઓ ભાજપની ટિકિટ પર ત્રિપુરા પશ્ચિમ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.ઓ પનીરસેલ્વમ (ભાજપ સમર્થિત સ્વતંત્ર): ઓપીએસ ૨૦૦૧ થી ૨૦૦૨, ૨૦૧૪ થી ૨૦૧૫ અને ફરીથી ૨૦૧૬ થી ૨૦૧૭ દરમિયાન તમિલનાડુના મુખ્યમંત્રી હતા. તેઓ તમિલનાડુના રામનાથપુરમથી ચૂંટણી લડી રહ્યા છે.,જીતન રામ માંઝી (હમ): તેઓ ૨૦૧૪ થી ૨૦૧૫ સુધી બિહારના મુખ્યમંત્રી હતા.

# રાજકોટ કામદાર યુનિયન રૂપાલાના સમર્થનમાં જોડાયા





રાજકોટઃ ભારતીય જનતા પાર્ટીના રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ ગઈકાલે ઉમેદવારી પત્ર ભર્યા પૂર્વે જાગનાથ મંદિર થી બહુમાળી ચોક સુધી વિજય સંકલ્પ રેલી અને બહુભાળી ભવન ખાતે 'વિજય વિશ્વાસ સંમેલન'જાહેર સભા યોજાયેલ હતી. આ બંને કાર્યક્રમોમાં રાજકોટ કામદાર યુનિયનના ૧ હજારથી વધુ કામદાર ભાઈઓ– બહેનોએ ઉત્સાહભેર રૂપાલાજીના સમર્થનમાં ભાગ લીધો હતો અને રાષ્ટ્રવાદી વિચારોને વરેલી ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં મોટા પ્રમાણમાં મતદાન થાય તે માટે સહિયારા પ્રયાસો કરવામાં આવે તે માટે પ્રતિબધ્ધતા દર્શાવી હતી. આ તકે રાજકોટ કામદાર યુનિયનના પ્રમુખ પારસ બેડીયા અને મોહનભાઈ નૈયાની આગેવાનીમાં કામદાર ભાઈઓ–બહેનો ઉકત કાર્યક્રમમાં જોડાયા હતા.

# શહેર ભાજપ દ્વારા ૮૫ મોદી સભા સફળતા પૂર્વક પૂર્ણ અલગ અલગ વોર્ડમાં મોદી સભાનું અનેરું આયોજન

## ૧૪૯ કરોડની વસ્તી એ મારો પરીવાર

રાજકોટઃ

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વીનભાઈ મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુકત અખબારી યાદીમાં જણાવાયું છે કે ૧૪૯ કરોડની વસ્તી એ મારો પરીવાર છે. આવું કહેનારા દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ની પ્રદેશની યોજના મુજબની ૮૫ થી વધુ મોદી સભા અલગ–અલગ ૧૮ વોર્ડ માં સફળતા પૂર્વક પૂર્ણ થયેલ છે. ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના યશસ્વી અધ્યક્ષ સી.આર. પાટીલ સાહેબ તેમજ સંગઠન મહામંત્રી આદરણીય રત્નાકરજીના માર્ગદર્શન હેઠળ મોદી સભા યોજવામાં આવેલ રાજકોટમાં કુલ ૮૫ સભા યોજવામાં આવી. જેમાં લગભગ ૩૫૯૯૯ થી વધુ વિવિધ ક્ષેત્રોના મહાનુભવો તેમજ સમાજના આગેવાનો અને કાર્યકર્તાઓ હાજર રહયા હતા. શહેર ભાજપના પ્રમુખ મુકેશ દોશી ના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેરના મોદી સભાના ઈન્ચાર્જ તેમજ શહેરના મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા નેતૃત્વ નીચે અશ્વિન પાંભર, પુષ્કરભાઈ પટેલ, નરેન્દ્રસિંહ ઠાકુર સહીતના એ જવાબદારી સંભાળી હતી. આ મોદી સભામાં પ્રત્યેક વોર્ડના ચુંટાયેલા પ્રતિનીધીઓ તેમજ સંગઠનની ટીમે યશસ્વી રીતે જવાબદારી સંભાળી ભારે જહેમત ઉઠાવી હતી. રાજકોટ શહેર ભાજપના આ સફળતા પૂર્વકના આયોજન બદલ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વીનભાઈ મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા સહીત ટીમ શહેર ભાજપને પ્રદેશ ભાજપ તરફ થી અભિનંદન પાઠવવામાં આવ્યા.

# સાંસ્કુતિક રાષ્ટ્રવાદનો ઉદય એટલે ભારતીય જનતા પાર્ટી : ઉદયભાઈ કાનગડ



રાજકોટ

રાજકોટ શહેર ભાજપ ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી ડો. માધવ દવે, અશ્વીન મોલીયા, વિરેન્દ્રસિહ ઝાલાના માર્ગદર્શન હેઠળ આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને પ્રચાર–પ્રસાર કાર્ય વેગવંતુ બનાવવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગર ખાતે ૮૫ થી વધુ મોદી પરિવાર સભાનું આયોજન કરવામાં આવેલ. તે અંતર્ગત વિધાનસભા–૬૮માં શહેરના વોર્ડ– ૬ માં મોદી પરિવાર સભા યોજાઈ હતી. જેમાં વિધાનસભા–૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, શહેર ભાજપ ઉપપ્રમુખ રમેશભાઈ પરમાર, શહેર ભાજપના પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ સહિતનાએ મોદી સરકારની ૧૦ વર્ષની સિધ્ધીઓ વર્ણવી, કેન્દ્ર અને રાજય સરકારની અનેકવિધ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી પુરી પાડતા 'મોદી પરિવાર' સભામાં જનતા જનાર્દનના પ્રચંડ જનસમર્થન સાથે વિજય પ્રાપ્ત કરવા અને દેશનો દરેક નાગરિક વિકાસના પથ પર આગળ વધી આવનારા સમયમાં 'વિકસિત ભારત'નો સાક્ષી બનવા ઈચ્છે છેતેમજ અયોધ્યામાં શ્રીરામ મંદિરનો શીલાન્યાસ, કાશી વિશ્વનાથ કોરિડોર, મધ્યપ્રદેશમાં મહાકાલ કોરિડોર આમ અનેક તીર્થધામોનો વિકાસ થયો છે. આમ ભાજપ એટલે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો ઉદય બન્યો છે. આ તકે સ્થાનીક આગેવાનો વોર્ડન સંગઠનના હોદેદારો, શિક્ષણ સમિતિ સદસ્યો, બુથના બુથવાલી–પ્રમુખ, ઈન્ચાર્જ, સહઈન્ચાર્જ, શકિતકેન્દ્ર સંયોજક,પ્રભારી, વિવિધ મોરચાના હોદેદારો તેમજ વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ સહીતના સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટનાં કોટડાસાંગાણીનાં રામોદમાં વર-કન્યાના અનોખા લગ્ન : જાનને સ્મશાનમાં ઉતારો : દંપતિએ ઊંધા ફેરા ફર્યા

## વરરાજાનું ભૂત કન્યાઓ દ્વારા સ્વાગત : બંધારણની સાક્ષીએ લગ્નઃ અંધશ્રદ્ધા ડામવા જાથાનો અનોખો પ્રયોગ



રાજકોટ,

રાજકોટના કોટડાસાંગાણી તાલુકાનાં રામોદમાં અનોખા લગ્ન યોજાયા. જેમાં કાળા કપડામાં જાનૈયાઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

રામોદ ગામના વતની મનસુખ ગોવિંદભાઈ રાઠોડ પરિવારે સદીઓથી ચાલી આવતી માન્યતા-પરંપરાને કોરાણે રાખીને સ્મશાનમાં વરરાજા તમેજ જાનેયા સહિત પરિવારને ઉતારો આપી, કુરિવાજોને તિલાંજલિ આપવાનો ઐતહાસિક લગ્ન સમારોહ યોજાયો હતો. જેમાં કન્યા પક્ષના મોભીઓ કાળા વેશ પરિધાનમાં જાનૈયાનું સ્વાગત કરી ઉતારો અપ્યો. બૌધ્ધ સાથે વિજ્ઞાન જાથાની વિચારધારાને અનુલક્ષીને લગ્ન સમારોહ રાખવામાં આવ્યો હતો.

રામોદ ગામની પાયલ મનસુખભાઈ રાઠોડના લગ્ન જયેશ મુકેશભાઈ સરવૈયા સાથે થશે. જેમાં કમર કોરડાગામથી રામોદ ખાતે જાનનું આગમન થયું હતું. આ જાનને કોઈ વાડીમાં નહીં પણ સ્મશાનમાં ઉતારો આપવામાં આવ્યો આ લગ્ન મુહૂર્ત અને ચોઘડિયા વગર ઊંધા ફેરા સાથે કરવામાં આવ્યા અને લગ્ન દરમિયાન વરરાજાનું સ્વાગત કન્યાઓ દ્વારા ભૂત પ્રેત બની કાળા વસ્રો ધારણ કરીને કરવામાં આવ્યુ. સાથે વર કન્યા લગ્ન મંડપમાં સપ્તપદીના બદલે બંધારણનાં સોગંદ લીધા. આમ જૂની પુરાણી માન્યતાઓનું ખંડન કરીને અંધશ્રદ્ધા નાબૂદ કરવા માટે અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ લગ્ન સમજણ પૂર્વક લગ્ન સમારોહ યોજીને અંધશ્રદ્ધાનાને નેસ્ત નાબૂદ કરવા અને સમાજમાં રહેલા કુરિવાજોને દૂર કરવા માટે અનોખો પ્રયાસ કરાયો હતો.

વરરાજાની જાન કમર કોટડા નિવાસી મુકેશભાઈ નાજાભાઈ સરવૈયા પરિવારની આવી હતી જેમા વરરાજા જયેશભાઈ નું સ્વાગત રામોદની કન્યા પાયલબેન કાળી સાડીના વેશ પરિધાનમાં ભૂત-પ્રેતના સરઘસ તેમજ ડીજે નાં તાલે સામૈયું કરાયું હતું.વર- કન્યાની લગ્ન વિધિ બૌધ્ધ અને વિજ્ઞાન જાથાની વિચારધારાને અનુરૂપ યોજાયો. મુર્હુત-ચોઘડીયાને ફગાવી ઊંધા ફેરા રાખી બંધારણના સોગંદ બોલી શપથ ગ્રહણ કરાયા હતા.

જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયા જણાવે આજે જાથાની ટીમ રામોદ ગામમાં સવારે ૮ કલાકે પહોંચી ઐતિહાસિક લગ્ન સમારોહનું સંચાલન કરાયું હતું. સમજણપૂર્વકનો લગ્ન સમારોહ સાથે અંધશ્રદ્ધાને નેસ્તનાબુદ કરવામાં આવેલ. સમાજમાં રહેલા કુરિવાજને દૂર કરવા માટે અનોખો પ્રયાસ છે.

# રાજકોટમાં સફાઈ કામગીરી સાથે સંકળાયેલા બહેનો માટે માર્ગદર્શક મીટીંગ મળી



રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ અંતર્ગત સ્વચ્છતા માટે કાર્યરત મહિલાઓની ભાગીદારી અને લીડરશીપને મજબુત બનાવવા માટે તા.૧૫.૦૪.૨૦૨૪નાં રોજ વોર્ડ નં.૧૩માં વોર્ડ ઓફીસ ખાતે માર્ગદર્શક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સફાઈ કામગીરી સાથે સંકળાયેલ બહેનો માટે સ્વ-સહાય જૂથની રચના, ભૂમિકા તથા સ્વચ્છતા માટે જૂથના યોગદાન વિગેરે વિશે માહિતીગાર કરવામાં આવ્યા હતા.

આ મીટીંગમાં સ્વ-સહાય જૂથની રચનાથી મહિલા નેતૃત્વ મજબુત બને અને જૂથ થકી થતા ફાયદાઓથી માહિતીગાર કરવામાં આવ્યા સાથોસાથ મહિલાઓને સ્વચ્છતા અંગે માહિતી માર્ગદર્શન મળી રહે તેમજ આ બહેનો સફાઈ કામગીરી સાથે જોડાયેલ હોય તેમના દ્વારા શહેરને સ્વચ્છ રાખવામાં મહત્વની ભૂમિકા નિભાવવામાં આવતી હોય લોકજાગૃતિ માટે તેમના કાર્યક્ષેત્રમાં લોકો સ્વચ્છતા પ્રત્યે સભાન બને તે માટે પ્રયત્નો કરવા પણ જણાવવામાં આવેલ હતુ. જેમાં બહેનોને સૂકા અને ભીના કચરાના વર્ગીકરણ અંગે માર્ગદર્શન, ૩આર(રીડ્યુઝ, રીયુઝ અને રીસાઈકલ) તથા કીચન વેસ્ટના હોમ કોમ્પોસ્ટીંગ અંગેની માહિતી આસિસ્ટન્ટ પર્યાવરણ શ્રી ખેવનાબેન વકાણી તથા વોર્ડ ન.૧૩ નાં સેનેટરી ઈન્સ્પેકટર શ્રી નીલેશભાઈ કાચા તેમજ સેનેટરી સબ ઈન્સ્પેકટર શ્રી પ્રિયંકાબેન ચાર્ડ દ્વારા આપવામાં આવેલ હતી.

# રાજકોટ આંબેડકરનગરની યુવતી હોસ્પિટલ જવાનું કહી ઘરેથી નીકળ્યા બાદ ગુમ : શોધખોળ



રાજકોટ,

ગોંડલ રોડ પર એસ.ટી. વર્કશોપ પાછળ આંબેડકરનગરમાં રહેતી પરિણીતા ઘરેથી નીકળ્યા બાદ પરત ન આવતા માલવીયાનગર પોલીસમાં જાણ કરવામાં આવી છે.

મળતી વિગત મુજબ ગોંડલ રોડ આંબેડકર નગર શેરી નં. ૧૨ માં રહે. પુજા વિશાલભાઈ બગડા (ઉ.વ.૨૯) ગઈકાલે પોતાના ઘરેથી હોસ્પિટલે જવાનું કહી નીકળ્યાઈ બાદ પરત ન આવતા તેના પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી, પરંતુ તેનો કોઈ પત્તો ન લાગતા તેના પતિએ માલવીયાનગર પોલીસમાં ગુમની નોંધ કરાવતા હેડ કોન્સં. હીરેનભાઈ પરમારે તપાસ હાથ ધરી છે. પરિણીતાએ કોફી કલરનો પંજાબી ડ્રેસ પહેરેલ છે. તેના બંને હાથના અંગુઠા પર અંગ્રેજીમાં પી ત્રોફાવેલ છે. જો કોઈને આ પરિણીતા જોવા મળે તો માલવીયાનગર પોલીસ સ્ટેશન ફોન નં. ૦૨૮૧-૨૩૮૦૦૪૬ તથા ૯૯૯૮૧ ૮૮૬૪૨ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# રવિવારે રાજકોટ પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે ગાલપચોળીયા-ઓરી-નૂરબીબીની રસી અપાશે

રાજકોટ,

આગામી તા. ૨૧.૪.૨૦૨૪ રવિવારના રોજ પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા ૧ થી ૧૨ વર્ષના બાળકોને વિનામૂલ્યે ગાલપચોળીયા-ઓરી-નૂરબીબી (ખ.ખ.છ.)ની રસી મૂકવાના કેમ્પનું આયોજન ટ્રસ્ટના ભવન "કિલ્લોલ, ૧- મયુરનગર, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન પૂર્વઝોન ઓફિસ સામે, ભાવનગર રોડ ખાતે કરવામાં આવેલ છે. ગાલપચોળિયા ચેપી રોગ છે તેના કારણે બાળકોમાં વિવિધ તકલીફ ઊભી થઈ શકે છે જેવી કે દર્દીઓને ખોરાક લેવામાં તકલીફ પડે, મગજ પર સોજો આવી શકે અને વધુ અસર થાય તો વંધ્યત્વ (ઈનફર્ટીલીટી) પણ આવી શકે છે.

પ્રિવેન્શન ઈસ બેટર ધેન ક્યોર આ પંક્તિને ધ્યાનમાં રાખી કોઈ તકલીફ ઊભી થાય તે પહેલા જાગૃત થઈ જઈને આપણા બાળકોને રસી મુકાવી દઈએ જેથી બાળકો રોગનો ભોગ ન બને. આ કેમ્પમાં બાળકોને રસી ઉપરાંત બાળકોને થતા વિવિધ રોગોની તપાસ કરી જરૂરી દવાઓ પણ વિનામૂલ્યે આપવામાં આવશે.

આ કેમ્પમાં સેવા આપનાર ડોક્ટર્સ તરીકે ડો.નિખિલભાઈ શેઠ(બાળરોગ નિષ્ણાંત), ડો.નીલ વાછાણી (બાળરોગ નિષ્ણાંત) સેવાઓ આપશે. કેમ્પનો સમય સવારે ૯:૦૦ થી ૧૧:૩૦ નો રહેશે.

# રાજકોટ સદભાવના વૃદ્ધાશ્રમમા નિઃસંતાન, નિરાધાર અને કેન્સરગ્રસ્ત માવતરને નિઃશુલ્ક પ્રવેશ અપાશે

રાજકોટ,

માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૫૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૮૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે. સાવ પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળું પણ કોઈ ન હોય, એકલવાયી-નિરાધાર હાલતમાં પોતાનુ જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલુ આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં), કેન્સરગ્રસ્ત નિઃસંતાન વડીલો માટે સદભાવના વૃધ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આવા નિઃસંતાન, પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં)ને પણ સદભાવના વૃધ્ધાશ્રમ પોતાની ફરજનાં ભાગરૂપે નિઃશુલ્ક આશ્રય આપવા મા આવશે.

# લોકસભા ચૂંટણી માટે વિધાનસભા-૭૦ના ભાજપ કાર્યાલયનું ઉદ્ઘાટન



રાજકોટ

ભારતીય જનતા પાર્ટી, રાજકોટ મહાનગર ધ્વારા આગામી લોક્સભાની ચૂંટણીમાં રાજકોટ-૧૦ લોક્સભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા પાંચ લાખથી વધુ લીડથી વિજેતા બને તે માટે ચૂંટણીલક્ષી પ્રચાર-પ્રસાર,સાહિત્ય વિતરણ સહિતની કામગીરી વોર્ડ થી લઈ બુથ સુધી પાર્ટીના સંનિષ્ઠ કાર્યર્ક્તાઓના પિરશ્રમ થકી સજ્જડ માઈક્રોપ્લાનીંગથી કરવામાં આવે છે.

ત્યારે શહેરની ચારેય વિધાનસભા મત વિસ્તારમાં સઘન ચૂંટણીલક્ષી કામગીરી અને સંગઠનને વધુ સુદ્દઢ કરી પ્રચાર-પ્રસાર કાર્ય અને લોક્સંપર્કને વધુ વેગવંતો બનાવવા વિધાનસભા વાઈઝ કાર્યાલય કાર્યરત કરવામાં આવનાર હોય તે અંતર્ગત વિધાનસભા-૭૦ના મધ્યસ્થ કાર્યાલયનું ઉદઘાટન ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા જનસેવા કાર્યાલય, ભક્તિનગર સર્કલ પાસે તેમજ વિશાળ જાહેર સભાનું આયોજન શહેરના પવનપુત્ર ચોક, સોરઠીયા વાડી પાસે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીના અધ્યક્ષસ્થાને અને કર્ણાટકના પૂર્વ ગર્વનર વજુભાઈ વાળા, રાજકોટ લોક્સભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતભાઈ રૂપાલા,સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયભસાના સાંસદ રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ઉદયભાઈ કાનગડ, મેયર નયનાબેન પેઢડીયા, ગુજરાત મ્યુનીસીપલ ફાઈનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખ ભંડેરી, લક્ષ્મીવાડી હવેલીના વ્રજેશકુમાર બાવાશ્રી, શહેર ભાજપ મહામંત્રી ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ મેયર ડો. ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, રક્ષાબેન બોળીયા, જીતુભાઈ મહેતા, નાગદાનભાઈ ચાવડા, જયંતીભાઈ સરધારા, નિલેશ જલુ, કેતન પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલ.આ તકે સ્વાગત પ્રવચન કરતા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ અને ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવેલ કે દેશને વિકાસની રાહ પર સતત અગ્રેસર કરનાર માન. નરેન્દ્રભાઈ મોદી પિરવર્તનકારી નિર્ણયો સાથે દેશને એક નવી ઉંચાઈએ લઈ ગયા છે. જયાથી હવે વિકસિત ભારત નું સ્વપ્ન સાકાર કરવાનું શક્ય બની ગયું છે. છેલ્લા દાયકામાં દેશમાં વ્યાપક પરીવર્તન આવ્યું છે, લોકોની આશા અને આકાંક્ષા પૂર્ણ થઈ છે. વિકસિત ભારતના ચાર સ્તંભો યુવા શક્તિ, મહિલા શક્તિ, ગરીબ, ખેડૂતોને સશક્ત બનાવે છે.

# રાજકોટ મહાનગરના ડોકટર સેલ કમીટીના સંયોજક, સહસંયોજક અને કારોબારી ટીમની નિમણુંક



રાજકોટ,

રાજકોટ મહાનગર શહેરના ભાજપ સહકારીતા સેલ કમીટીના સભ્યોના નામની જાહેરાત કરી હતી.

જેમાં કારોબારી સભ્ય તરીકે ડો.એમ.કે. કોરવાડીયા-એમબીબીએસ, ડો.દેવેષ જોષી-આર્યુવેદીક, ડો. કિશોર દેવાડીયા-હોમિયોપથી, ડો.શૈલેષ વસાણી-હોમિયોપથી, ડો.મનીષ પાઠક-ફીઝીયોથેરાપી, ડો.તેજશ ત્રિવેદી-ડેન્ટીસ્ટ, ડો. હિતેષ હાપલીયા-હોમિયોપથી, ડો.ભાવેશ પરમાર-હોમિયોપથી, ડો.રિંકલ મેઘાણી-હોમિયોપથીની નિમણુંક કરવામાં આવેલ હતી.

# જામનગર બન્યુ રામમય : બાલા હનુમાન તથા રામચંદ્રજી મંદિરમાં યોજાઈ મહાઆરતી



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : છોટી કાશીના ઉપનામથી પ્રચલિત એવા જામનગરના પંચેશ્વર ટાવર નજીક આવેલા ભગવાન રામચંદ્રજીના મંદિરમાં રામનવમીના પાવન કારી પર્વને લઇને બપોરે ૧૨.૦૦ વાગ્યે મહાઆરતી કરવામાં આવી હતી, અને ધ્વજારોહણ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

લોહાણા જ્ઞાતિના પ્રમુખ શ્રી જીતુભાઈ લાલ ની આગેવાની હેઠળ તેમજ લોહાણા જ્ઞાતિ ના અન્ય હોદ્દેદારો તથા અન્ય રામ ભક્તો શૈલેષભાઈ જશવંતરાય વસંત અને નિકિતાબેન શૈલેષભાઈ વસંત, આષિત હર્ષવર્ધનભાઈ બડીયાણી અને શીતલબેન આશિતભાઈ બદીયાણી, હિતેશભાઈ કાનજીભાઈ મોદી અને લીનાબેન હિતેશભાઈ મોદી, અતુલભાઈ મગનલાલ પોપટ અને દિવ્યાબેન અતુલભાઈ પોપટ વગેરે દ્વારા મહા આરતી તેમજ ધ્વજારોહણ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

આ મહા આરતી સમયે શહેરના અનેક રામ ભક્તો હાજર રહ્યા હતા, અને પ્રભુ રામચંદ્રજીની પૂજા-અર્ચના કરાઇ હતી.ઉપરાંત રામ ભક્તો દ્વારા અવિરત રામ ધૂન બોલાવાઈ હતી.

આ ઉપરાંત ગીનેશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામેલા શ્રી બાલા હનુમાનજી મંદિરમાં પણ રામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પ્રભુ રામચંદ્રજી ની મહા આરતી કરાઈ હતી, અને રામધૂન બોલાવાઈ હતી. સાથોસાથ બાલા હનુમાન સંકીર્તન મંડળ ટ્રસ્ટના પ્રમુખ જીતુભાઈ લાલ અન્ય હોદ્દેદારો વિનુભાઈ તન્ના તથા અન્ય ટ્રસ્ટી ગણ વગેરે દ્વારા ધ્વજારોહણ સહિતના ધાર્મિક કાર્યક્રમો પણ યોજાયા હતા. જ્યારે મંદિર પરિસરમાં ચાલી રહેલી 'શ્રી રામ જય રામ જય જય રામ'ની અખંડ રામધૂનમાં બહોળી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા, અને અખંડ રામ નામના જાપથી સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠયું હતું.

# કલ્યાણપુરના લાંબા પાસે મોટરકાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં શાળાના આચાર્ય અને શિક્ષકના કરૂણ મોત

## પોરબંદરથી ધાર્મિક કાર્યક્રમ પતાવી પરત ફરતી વખતે સર્જાયો ગમખ્વાર અકસમાત







તસવીર: રાકેશ સામાણી

ખંભાળિયા : કલ્યાણપુરના લાંબા ગામે આવેલ એક શાળાના આચાર્ય તેમજ શિક્ષક પોરબંદર ખાતે એક ધાર્મિક કાર્યક્રમમાં ગયા હતા. જયાંથી પરત ફરતી વખતે લાંબા બાયપાસ નજીક તેમનું બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં આચાર્ય અને શિક્ષકને ગંભીર ઈજાઓ થતા તેમના કરૂણ મૃત્યુ નિપજયા છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ કલ્યાણપુર નજીક આવેલા લાંબા ગામની દાનેવ શાળાના ગણિત વિષયના શિક્ષક એવા મૂળ ભાવનગરના રહીશ ભરતભાઈ બંધીયા (ઉ.વ. ૩૨) તેમજ તેમની પાછળ બેઠેલા ખંભાળિયામાં હરસિધ્ધિ નગર વિસ્તારમાં રહેતા રાજેશભાઈ આરંભડીયા નામના ૪૮ વર્ષના શિક્ષકના મોટરસાયકલને એક મોટરકારના ચાલકે ઠોકર મારતા બંને યુવાનો મોટરસાયકલ સાથે ફંગોળાઈ ગયા હતા અને તેઓને ગંભીર ઈજાઓ થતા ભરતભાઈ બંધીયાનું ઘટના સ્થળે જ કરુણ મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે તેમની સાથે જઈ રહેલા રાજેશભાઈ આરંભડીયાને ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પોરબંદરની હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ત્યાં સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

આ અંગે શૈક્ષણિક વર્તુળો દ્વારા જાણવા મળતી વિગત મુજબ લાંબા ગામની દાનેવ શાળામાં ગઈકાલે મંગળવારે રાત્રે વિસાવાડા ખાતે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને આજરોજ રામનવમીની રજા હોવાથી મોડે સુધી આ કાર્યક્રમને માણવા માટે આઠ શિક્ષકો ગયા હતા. દાનેવ શાળામાં વિસાવાડા ગામના છાત્રો અભ્યાસ કરતા હોય, તેમના તથા તેમના વાલીઓના આમંત્રણને માન આપીને ગતરાત્રે કાર્યક્રમ જોવા ગયેલા ઉપરોક્ત બંને આચાર્ય-શિક્ષક પરત ફરતા રાત્રિના આશરે સાડા ત્રણેક વાગ્યે એક મોટરકાર સાથે અકસ્માત સર્જાતા બંનેના મૃત્યુ નીપજયા હતા. મૃતક રાજુભાઈ આરંભડીયા ખંભાળિયાના હરસિધ્ધિ નગર વિસ્તારમાં રહેતા હતા અને માધ્યમિક વિભાગના આચાર્ય તરીકે આશરે ૨૦ વર્ષથી ફરજ બજાવી, તેઓ દાનેવ શાળાના છાત્રાલયમાં જ રહેતા હતા. તેમનો પુત્ર બારમા ધોરણમાં તથા નાની પુત્રી આઠમા ધોરણમાં અભ્યાસ કરે છે. આ અકસ્માતથી આ વિપ્ર પરિવારનો આધાર છીનવાઈ ગયો છે. ૩૨ વર્ષના આહીર યુવાન ભરતભાઈ બંધીયા આશરે વીસેક દિવસ પૂર્વે જ એક પુત્રના પિતા બન્યા હતા. પરંતુ આ અકસ્માતમાં તેઓ કાળનો કોળિયો બની ગયા હતા. આ ઘટનાની જાણ થતા દાનેવ શાળાના ટ્રસ્ટી તેમજ આગેવાનો પોરબંદર ની હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા અને મૃતકની અંતિમ વિધિ માટે મૃતદેહોને ખંભાળિયા અને ભાવનગર પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી.

આજે ચઢતા પહોરે વિસાવાડાથી લાંબા જવા માટે નીકળેલા શિક્ષકો દાનેવ શાળામાં કે જ્યાં તેમનો મુકામ હતો, ત્યાં પહોંચવાને માત્ર દોઢેક કિલોમીટર જેટલું અંતર જ બાકી હતું, ત્યાં આ મોટરકાર-બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બંનેના કરુણ મૃત્યુ નિપજયાના આ બનાવે શિક્ષણ જગત સાથે મૃતકના પરિવારજનોમાં પણ ભારે અરેરાટી પ્રસરાવી છે.

# જામનગરમાં મકાનમાં ચાલતું ગેરકાયદે ગેસ રિફિલિંગનું કૌભાંડ ઝડપાયું

## ૩૬ રાંધણગેસના બાટલા, રીફિલિંગનો સામાન સહિતનો મુદ્દામાલ કબ્જે




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં રામેશ્વરનગર વિસ્તારમાં રહેતા એક શખ્સ દ્વારા પોતાના રહેણાંકમકાનમાં ગેરકાયદે રીતે ગેસ રીફીલિંગનું કારસ્તાન ચલાવવામાં આવતું હોવાની બાતમીના આધારે એલસીબીની ટુકડીએ ગઈકાલે સાંજે દરોડો પાડયો હતો અને મકાનમાંથી બિલ આધાર વગરના ૩૬ નંગ રાંધણ ગેસના બાટલા, ગેસ રિફિલિંગને લગતી સામગ્રી તથા એક રીક્ષા છકડા સહિતની સામગ્રી કબજે કરી છે.

એલસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી, કે રામેશ્વરનગર નજીક નવજીવન સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતો અજયસિંહ મહોબતસિંહ જાડેજા નામનો શખ્સ કે જે પોતાના રહેણાક મકાનમાં રાંધણ ગેસના નાના મોટા બાટલાઓ સંગ્રહ કરીને ગેરકાયદે ગેસ રીફીલિંગ નું કારસ્તાન ચલાવી રહ્યો છે, જે બાતમીના આધારે ગઈકાલે સાંજે એસીબીની ટુકડીએ દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન રહેણાક મકાનમાંથી નાના મોટા ૩૬ નંગ નાના મોટા બાટલા મળી આવ્યા હતા. જેના બિલ આવતા વગેરે માંગતા તેના કોઈ આધાર નહીં હોવાનું જણાવ્યું હતું.

જેથી પોલીસ દ્વારા રૂપિયા ૬૧,૦૦૦ની કિંમતમાં રાંધણ ગેસના બાટલાઓ તેમજ ગેસ રિફિલિંગની નોઝલ તથા તેને લગતી સામગ્રી ઉપરાંત એક છકડો રીક્ષા સહિત રૂપિયા ૧,૬૧,૦૦૦ની માલમતા કબજે કરી લીધી છે. જે તમામ સામગ્રી શક પડતી મિલકત તરીકે કબજે કરી લઈ તેની સામે સીટી બી.ડિવિઝન પોલીસ મથકમાં નોંધ કરાવાઈ છે અને પુરવઠા વિભાગને આ બાબતની જાણ કરવામાં આવી છે. જેથી પુરવઠા શાખાની ટુકડી પણ દોડતી થઈ છે અને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# કલ્યાણપુરના ૩ શખ્સોએ ગાયક કલાકાર મહિલાને બિભત્સ વિડિયો મોકલી ખંડણી માંગતા અટકાયત



તસવીર: રાકેશ સામાણી

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તથા કલ્યાણપુરના ત્રણ લવર મૂંછીયા શખ્સો દ્વારા એક મહિલા ગાયક કલાકારને બિભત્સ વિડીયો મોકલી અને રોકડ રકમની ખંડણી માગતા જિલ્લા સાયબર સેલ પોલીસે આ ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે.

આ સમગ્ર પ્રકરણની જાણવા મળતી વિગત મુજબ એક જાણીતા મહિલા ગાયક કલાકારને કોઈ અજાણ્યા મોબાઈલ નંબરધારક શખ્સો દ્વારા બિભત્સ વિડીયો મોકલી અને આ વિડીયો તેમનું હોવાનું જણાવી, રૂપિયા ૩૫,૦૦૦ ની ખંડણી માંગી હતી. આ રીતે માનસિક રીતે હેરાન પરેશાન કરી બિભત્સ ગાળો કાઢી, સમાજમાં બદનામ કરવાની ધમકી આપવા સબબ આ મહિલા ગાયક કલાકાર દ્વારા સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

આ પ્રકારના ગંભીર ગુનાઓને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા આ સંદર્ભે તાકીદે પરિણામલક્ષી કામગીરી કરવા માટે સાયબર ક્રાઈમ વિભાગને સૂચનાઓ આપતા આને અનુલક્ષીને સાયબર ક્રાઈમ પોલીસે ખંભાળિયા તાલુકાના કુવાડીયા ગામે રહેતા વિશાલ રામભાઈ દેથરીયા (ઉ.વ. ૧૯) નામના વિદ્યાર્થી યુવાન તેમજ સામોર ગામના દિવ્યેશ રામભાઈ કરંગીયા (ઉ.વ. ૧૯) તથા કલ્યાણપુર તાલુકાના મોટા આસોટા ગામે રહેતા હેમત રણમલ કરંગીયા (ઉ.વ. ૧૯) નામના ત્રણ શખ્સોને તાકીદે ઝડપી લીધા હતા.

૧૨ ધોરણ સુધીનો અભ્યાસ કરી ચૂકેલા હેમત કરંગીયા ખેતી કામ કરે છે. જયારે વિશાલ દેથરીયા હાલ અમદાવાદ ખાતે બી.સી.એ.મા તેમજ દિવ્યેશ કરંગીયા પણ ખેત વ્યવસાય સાથે સંકળાયેલો છે. ઉપરોક્ત આરોપી વિશાલએ હેમતને બિભત્સ વિડીયો મોકલી અને હેમત કરંગીયાએ આ બિભત્સ વિડીયો વર્ચ્યુઅલ નંબર દ્વારા મહિલા કલાકારને વોટ્સએપ મારફતે મોકલ્યો હતો. આ વિડીયો તેમનો હોવાનું જણાવી, તેની પાસેથી રૂપિયા ૩૫,૦૦૦ ની ખંડણીની માંગણી કરી હતી. આ પૈસા તેના મિત્રના ગૂગલ પે એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાનું જણાવી અને જો તેઓ પૈસા નહીં આપે તો આ વિડીયો વાયરલ કરવાની ધમકી આપી, સમાજમાં કરવાની ધમકી આપી હોવાની કબુલાત આરોપીઓએ પોલીસ સમક્ષ કરી હતી. પોલીસને આરોપીઓના મોબાઈલમાંથી બિભત્સ વિડીયો પણ મળી આવ્યો હતો. અગાઉ પણ આ પ્રકારે અન્ય એક ગુનામાં આરોપી આશિષ માવજીભાઈ ચાડ (ઉ.વ. ૨૨, રહે. માધાપર - ભુજ) તથા અશોક રણછોડભાઈ ડાંગર (ઉ.વ. ૨૧ રહે. ઉમેદપુર - ભુજ) ની પણ અટકાયત કરાઈ હતી. આ સમગ્ર પ્રકરણ અંગે સાયબર ક્રાઈમ પોલીસે આગળની કાર્યવાહી કરી હતી.

# જામનગરના વેપારીને ખેત ઉત્પાદનની રૂા. ૧૧.૧૮ કરોડની રકમ નહીં ચૂકવી રાજકોટના પિતા-પુત્રએ આચરી છેતરપિંડી

જામનગર : જામનગરમાં પારસ સોસાયટીમાં રહેતા એક વેપારી સાથે રાજકોટના વેપારી પિતા પુત્રએ જુદી જુદી ખેત ઉત્પાદનની જણસની બાકી રોકાતી ૧૧ કરોડ ૧૮ લાખની રકમ નહીં ચૂકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ચકચાર જાગી છે.

જે બાકી રકમ પૈકી પાંચ કરોડ ૨૮ લાખની રકમ આરટીજીએસ મારફતે ચૂકવી દીધાના ખોટા દસ્તાવેજો પણ બનાવી લીધાનું જાહેર કરાયું છે. જે મામલે પોલીસ તપાસ ચલાવે છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં પારસ સોસાયટીમાં રહેતા અને હાપા માર્કેટ યાર્ડ નજીક જુદી-જુદી ખેત ઉત્પાદનની જણસની લે-વેચની પેઢી ધરાવતા હિરેનભાઈ વિજયભાઈ કોટેચા નામના વેપારી યુવાને પોતાની સાથે રૂપિયા ૧૧ કરોડ ૧૮ લાખની છેતરપીંડી કરવા અંગે રાજકોટના જલારામ પાર્ક વિસ્તારમાં રહેતા હેમંત મોહનભાઈ દાવડા અને રવિ હેમંતભાઈ દાવડા નામના પિતા પુત્ર તેમજ રાજકોટના પલક કિરીટભાઈ રૂપારેલ સામે ફરિયાદ નોંધાવી છે.

જે ફરિયાદના અનુસંધાને પંચકોશી બી. ડિવિઝન ના પ્રોબેશનલ આઈ પી એસ અધિકારી અજય કુમાર મિણા એ આઈપીસી કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮,૪૦૬, ૪૨૦ અને ૧૧૪ મુજબ ગુનો નોંધ્યો છે, અને તપાસનો દોર રાજકોટ તરફ લંબાવ્યો છે.

ફરિયાદી વેપારી હિરેનભાઈ દ્વારા આરોપીઓ સાથે જુદા જુદા સમયે ખેત ઉત્પાદનની જણસની વેચાણ અને ખરીદીના સોદાઓ કર્યા હતા. આ લે-વેચના સોદા દરમિયાન ફરિયાદી વેપારીએ આરોપી પિતા પુત્ર પાસેથી ૧૧,૧૮,૨૮,૪૬૩ની રકમ લેવાની બાકી હતી.

જે પૈસાની ઉઘરાણી કરવા જતાં ઉપરોક્ત રકમ ચૂકવવી ના પડે તે માટે પિતા પુત્ર એ રાજકોટના પલક રૂપારેલ ની મદદથી રૂપિયા પાંચ કરોડ ૨૮ લાખ ના ખોટા આરટીજીએસ કર્યાના દસ્તાવેજો બનાવ્યા હતા, અને વોટ્સએપ મારફતે તેની જુદાજુદા ત્રણ વખતની પહોંચ સાથેની બેંક મારફતે ચૂકવી હોવાની ખોટી વિગતો મોકલી હતી અને હકીકતમાં આવી કોઈ રકમ બેંક મારફતે મોકલાવી ન હોવા છતાં ખોટા દસ્તાવેજો તૈયાર કરીને ઉપરોક્ત રકમનું ચુકવણું કરી દીધા નું જણાવ્યું હતું. પરંતુ ફરિયાદીના બેંક ખાતામાં આવી કોઈ રકમ જમા થઈ ન હોવાથી આખરે તેઓએ પંચકોષી બી. ડિવિઝન પોલીસનો સંપર્ક સાધ્યો હતો. જેના અનુસંધાને આ ફરિયાદ દાખલ કરવામાં આવી છે, અને પોલીસ દ્વારા સમગ્ર મામલે ઊંડાણ પૂર્વકની તપાસ શરૂ કરાઈ છે.

# મીઠાપુર નજીકના આરંભડા ગામે યુવાનને ધમકી આપતા કર્યો આપઘાત

## પ્રેમસંબંધ બાબતે યુવતીના પરિવારજનોએ ધમકી આપતા ગળાફાંસો ખાઈ લીધો

ખંભાળિયા : ઓખા મંડળના મીઠાપુર તાબેના આરંભડા ગામે રહેતા ૩૩ વર્ષીય એક યુવાનને પ્રેમ સંબંધો હોય, આ યુવતીના પરિવારજનોએ યુવાનના ભાઈ તથા બહેન-બનેવીને જાનથી મારી નાખવાની ધમકી આપતા આનાથી દબાણમાં આવી ગયેલા યુવાને ગળાફાંસો ખાઈ લીધાના પ્રકરણમાં મૃતકના ભાઈએ બે મહિલાઓ તેમજ એક યુવાન મળી, કુલ ત્રણ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ દ્વારકા તાલુકાના મીઠાપુર નજીક આવેલા આરંભડા સીમ વિસ્તારમાં રહેતા રામુભાઈ કાયાભા હાથીયા નામના ૩૩ વર્ષના અનુસૂચિત જાતિના યુવાને થોડા સમય પૂર્વે પોતાના ઘરે દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

આપઘાતના આ બનાવ સંદર્ભે મૃતકના નાનાભાઈ દાનાભાઈ કાયાભા હાથીયા (ઉ.વ. ૩૨, રહે. કૃષ્ણનગર - આરંભડા) એ પોલીસમાં જાહેર કરેલી ફરિયાદમાં જણાવ્યું છે કે મૃતક રામુભાઈને એક યુવતી સાથે પ્રેમ સંબંધ હોય અને તે આ યુવતીને લઈને ક્યાંક ચાલ્યા ગયા હતા. ત્યાર પછી તેઓ પરત આવતા યુવતીના પરિવારજન એવા મીઠાપુરમાં ટાટા કંપનીની ટાઉનશિપમાં રહેતા રાજુબેન વાઘેલા, મંગીબેન કનુભાઈ ઝાલા અને વિજય કનુભાઈ ઝાલાને આ બાબતે સારું ન લાગતાં તેઓએ એક સંપ કરી અને રામુભાઈને મરી જવા માટે ધમકી આપી હતી અને જો તે આમ નહીં કરે તો તેમના ભાઈ તથા બહેન-બનેવીને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું જાહેર થયું છે. આ બાબતથી ડરી ગયેલા રામુભાઈ હાથીયાએ દબાણમાં આવી, અને દુપટ્ટા વડે ગળાફાંસો ખાય લેતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આમ, પોતાના ભાઈને મરી જવા માટે મજબૂર કરવા સબબ દાનાભાઈ હાથીયાની ફરિયાદ પરથી મીઠાપુર પોલીસે બે મહિલાઓ સહિત ત્રણેય સામે આઈ.પી.સી. કલમ ૩૦૬, ૫૦૬ (૨) તથા ૧૧૪ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. પી.ટી. વાણીયાએ હાથ ધરી છે.

# જામનગર તાલુકાના આમરા ગામે યુવતીને ફોન કરનાર યુવાનને થાંભલામાં બાંધી લમધાર્યો

જામનગર : જામનગર તાલુકાના આમરા ગામમાં રહેતા અને પાણીની મોટરનું રીપેરીંગ કામ કરતા વેપારી યુવાનને પોતાના ગામની એક યુવતીને ફોન કરવો ભારે પડ્યો છે. યુવતીના પિતા સહિતના પરિવારના સભ્યોએ મોટર રીપેરીંગના બહાને પોતાની વાડીમાં બોલાવ્યા પછી વીજ થાંભલા સાથે બાંધ્યો હતો અને તેને લાકડાના ધોકા વડે માર માર્યા પછી ગુપ્ત ભાગમાં લાત મારી ઈજા પહોંચાડ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ભારે ચકચાર જાગી છે.

આ ફરીયાદ અંગે ના બનાવની વિગત એવી છે કે, જામનગર તાલુકાના આમરા ગામમાં રહેતા અને મોટર રીપેરીંગ કામ કરતા ગોરધનભાઈ કાનજીભાઈ મઘોડિયા નામના ૨૫ વર્ષના વેપારી યુવાને પોતાને માર મારી ગુપ્ત ભાગમાં લાત મારવા અંગે આમરા ગામમાં રહેતા હિંમતભાઈ પાંચાભાઈ કટેશીયા તેમજ અલ્પેશ હેમંતભાઈ કટેશીયા, અને ભલાભાઈ પાંચાભાઈ કટેશીયા સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદીને આરોપીઓએ પોતાની વાડીમાં મોટર રીપેરીંગ કરવા માટે બોલાવ્યો હતો, ત્યાં તેને એક સિમેન્ટના થાંભલા સાથે બાંધી દીધો હતો અને લાકડાના ધોકા વડે માર માર્યો હતો.

આરોપી હેમંતભાઈની પુત્રીને ફરિયાદી યુવાને ફોન શા માટે કરે છે, તેમ કહી માર માર્યો હતો ત્યારબાદ તેના ગુપ્ત ભાગે લાત મારીને ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ યુવાનના કાકા રમેશભાઈને પણ મોબાઈલ ફોન કરીને પતાવી દેવાની ધમકી આપી હતી. જેથી સમગ્ર મામલો સિક્કા પોલીસ મથકમાં લઈ જવાયો હતો. જે બનાવ મામલે પોલીસ હેડ કોન્સ્ટેબલ જે. જી. રાણા વધુ તપાસ ચલાવે છે.

# જામજોધપુરમાં મહિલાની ૧૧ લાખની જમીન પચાવી પાડતા નિવૃત્ત તલાટી સામે ફોજદારી

## ભાગીદારીમાં જમીન ખરીદવા પૈસા પડાવી પુત્ર અને જમાઈના નામે કરી નાખી : સિક્યોરિટીમાં આપેલ દાગીના પણ બનાવટી નીકળ્યા

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુરમાં રહેતી અને ખેતીકામ કરતી અંજનાબેન નટુભાઈ ખાંટ નામની ૪૫ વર્ષની પટેલ જ્ઞાતિની મહિલાએ પોતાની રૂપિયા ૧૧ લાખની રોકડ રકમ પચાવી પાડી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવા અંગે જામજોધપુરમાં રહેતા નિવૃત્ત તલાટી કમ મંત્રી સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર આરોપીએ ફરિયાદી મહિલાને ભાગીદારીમાં ખેતીની જમીન ખરીદવા માટેનો ભરોસો અને વિશ્વાસ કેળવ્યો હતો અને કટકે કટકે ૧૧ લાખ રૂપિયા મેળવી લીધા પછી તે જમીન ફરિયાદ મહિલાના નામે કરવાના બદલે પોતાના પુત્ર અને જમાઈના નામે કરી હતી, અને છેતરપિંડી આચરી હતી.

જે અંગેની જાણકારી મળતાં ફરિયાદી મહિલા અંજનાબેને આરોપી ચીમનભાઈ ખાંટ પાસે પૈસાની માંગણી કરતાં સિક્યુરિટી પેટે સોનાના દાગીના આપ્યા હતા. જેની ખરાઈ કરાવતાં તે દાગીના પણ ખોટા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

જેથી તેની પાસે ફરીથી પૈસાની માંગણી કરતાં ધાકધમકી ઉચ્ચારી હોવાથી મામલો જામજોધપુર પોલીસ મથકમાં લઈ જવાયો હતો અને પૂર્વ તલાટી કમ મંત્રી સામે ફરિયાદ નોંધાવાઈ છે.

જે ફરિયાદના અનુસંધાને પોલીસે આઈ. પી. સી. કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬-૨ મુજબ ગુનો નોંધ્યો છે. આ ફરિયાદને લઈને જામજોધપુર પંથકમાં ચકચાર જાગી છે.

# સૌરાષ્ટ્ર કચ્છમાં આકાશમાંથી અગનવર્ષા રાજકોટ ૪૩.૪ ડીગ્રી

## પોરબંદરમાં ગરમીનો ૫ દાયકા જૂનો રેકર્ડ તુટયોઃ ૪૧.૩ ડીગ્રી



રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર -કચ?છમાં મહતમ તાપમાનનો પારો સતત ઉંચે ચડતા લોકો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે. રાજકોટ શહેરમાં સાંજ સુધીમાં સિઝનનું સૌથી ઉચુ તાપમાન સાથે આકરો તાપ વરસી રહ્યો છે. બપોરે ૨:૩૦ વાગે ૪૩.૪ ડિગ્રી સાથે અસહ્ય તાપનાં કારણે સિધી જનજીવન ઉપર અસર દેખાઈ હતી.રાજમાર્ગો ઉપર ચહલપહલ ઓછી જોવા મળી રહી છે. આકરા તાપથી બચવા લોકો ટોપી, ચશ્માય સહિતની વસ્તુઓનો સહારો લઇ રહ્યા છે. ભાવનગર શહેર અને જિલ્લામાં ગરમીનું જોર યથાવત રહ્યું છે. આજે ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૩૯.૬ ડિગ્રી નોંધાયું હતું. જયોરે લઘુતમ તાપમાન ૨૭.૦ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજ નું પ્રમાણ ૨૯% રહ્યું હતું જયાયરે પવનની ઝડપ ૧૨ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી.

જામનગરમાં લઘુતમ તાપમાન-૨૬, મહતમ તાપમાન ૩૬.૮, ભેજનું પ્રમાણ ૯૫%, પવનની ગતિ ૭.૯ કિ.મી. રહી છે. પોરબંદરમાં ઉનાળાની ગરમીનો ૫ દાયકા જૂનો રેકર્ડ તુટયો છે અને ઉષ્ણાતામાનનો પારો ૪૧.૩ ડીગ્રી પહોંચી ગયો છે. દરિયાકાંઠે સામાન્ય રીતે ઉનાળામાં ૩૪ થી ૩૫ ડીગ્રી ગરમી રહે છે. જયારે આ ઉનાળામાં ઉષ્ણાંતામાનનો પારો ૪૦ ડીગ્રી ઉપર વટાવી ગયો છે. એરપોર્ટ હવામાન કચેરી મુજબ ગુરૂતમ ઉષ્ણાતામાન ૪૧.૩ સે.ગ્રે. લઘુતમ ઉષ્ણાતામાન ૨૬ સે.ગ્રે. ભેજ ૭૪ ટકા હવાનું દબાણ ૧૦૧૦ એચ. પી. એ. સૂર્યોદય ૬.૩૦ સુર્યાસ્ત ૭.૧૧ મીનીટે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર કચ્છમાં ગઈકાલે સવારે હવામાન પલ્ટા બાદ બપોરથી ફરી સૂર્ય દેવતાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા અનેક સ્થળોએ ૪૦ થી ૪૨ ડિગ્રી જેટલુ મહત્તમ તાપમાન નોંધાયું હતું. ગઈકાલે હાઈએસ્ટ મહુવા ખાતે -૪૩ ડિગ્રી અને સુરેન્દ્રનગરમાં-૪૨.૩ તથા રાજકોટ ખાતે ૪૧.૫ અમરેલીમાં ૪૧.૮, ભુજમાં ૪૦.૧, નલિયામાં ૪૦.૨, ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાવા પામ્યુ હતુ. તાપમાન ફરી ઊચકતા જનજીવન પ્રભાવિત થયું છે.

# ફિલ્મી અભિનેત્રી પદ્મીની કોલ્હાપુરેનું રાજકોટમાં આગમન : સન્માન

રાજકોટ

વિતેલા જમાનામાં બોલીવુડમાં જબ્બ રદસ્તપ સફળતા મેળવનાર અને આજે પણ સમગ્ર ભારતમાં લાખો ફેન્સ્ ધરાવનાર સુપ્રસિધ્ધ અભિનેત્રી પદ્મીની કોલ્હપુરે રાજકોટ ખાતે તાલતરંગ ગ્રુપના યાદગાર લાઇવ કોન્સ ર્ટ (મ્યુઝીકલ કાર્યક્રમ)માં હાજર રહ્યા હતા. તેઓએ ચિક્કાર મેદનીથી ભરેલ હેમુ ગઢવી હોલ ખાતે પણ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

પદ્મીની કોલ્હાપુરે રાજકોટના મોંઘેરા મહેમાન બન્યા હતા ત્યો તેઓનું હેમુ ગઢવી ઓડીટોરીયમ, રાજકોટના લાઇવ કોન્સર્ટમાં



રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ અને ટોચના બિલ્ડીર ગ્રુપ 'પ્રભુ ગ્રુપ'ના ચેરમેન શ્રી રાજુભાઈ પોબારૂ તથા તેમના ધર્મપત્ની શ્રીમતિ સ્નેહાબેન પોબારૂએ અદકેરૂ સ્વા્ગત - સન્માન કર્યું હતું. પદ્મીની કોલ્હા્પુરેએ પણ રાજકોટવાસીઓની લાગણી અને આતિથ્ય ભાવનાને ખરા દિલથી બિરદાવી હતી.

# રાજકોટના કુવાડવા રોડ પર કવાર્ટરના પાર્કિંગમાં તીનપત્તી રમતા ત્રણ પકડાયા



રાજકોટ,

રાજકોટ કુવાડવા રોડ ડી. માર્ટની પાસે આવેલા શહીદ ઉધમસિંહ ટાઉનશીપના પાર્કિંગમાં બી ડીવીઝન પોલીસે બાતમીના આધારે દરોડો પાડી જુગાર રમતા ત્રણ શખ્સોને પકડી લીધા હતા. કુવાડવા રોડ પર ડી. માર્ટ મોલ પાસે શહિદ ઉધમસિંહ ટાઉનશીપ પાર્કિંગમાં કેટલાક શખ્સોપ જુગાર રમતા હોવાની બી ડઠીવીઝન પોલીસ મથકના હેડ કોન્સમ. ક્રિપાલસિંહ જાડેજા, કોન્સદ. જયદીપસિંહ બોરાણા અને રાજદીપભાઇ પટગીરને બાતમી મળતા શહિદ ઉધમસિંહ ટાઉનશીપમાં દરોડો પાડી પાર્કિંગમાં તીનપત્તીનો જુગાર રમતા ટાઉનશીપમાં બી/૩૦૩નાં જયેશપરી રાજેશપરી ગૌસ્વાોમી, એફ/૧૦૫ના ચંદ્રેશભાઇ અરવિંદભાઇ રાધનપુરા અને એફ/૬૧૨ના ઇરશાદ હારૂનભાઇ હેરંજાને પકડી લઇ રૂા. ૧૨,૧૧૦ ની રોકડ સહિતની મત્તા કબજે કરી હતી. આ કામગીરી પી.આઇ. એસ. એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ. કે. ડી. મારૂ, હેડ કોન્સ૧. ક્રિપાલસિંહ જાડેજા, રાજેશભાઇ બાળા, કોન્સક. જયદિપસિંહ બોરાણા, ભાનુશંકરભાઇ ધાંધલા, પંકજભાઇ માળી, રાજદિપભાઇ પટગીર, પોપટભાઇ ગમારા, જગદિશભાઇ વાંક તથા વિશ્વીજીતસિંહ ઝાલા દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટમાં બે સ્થળેથી મોબાઈલ અને સાઈકલની થયેલી ચોરી

રાજકોટ,

રાજકોટ શહેરમાં મોબાઈલ ચોરો સક્રિય થયા હોય તેમ થોડા સમયમાં ભીડભાડ વાળી જગ્યાએથી લોકોની નજર ચુકવી મોબાઈલ ફોનની તફડંચી કરી નાસી છુટવાના બનાવો પ્રતિદિન વધી રહ્યા છે ત્યારે ધર્મેન્દ્ર રોડ પર ખરીદી કરવા ગયેલ બે મહિલાના ફોનની તફડંચી થયાના બનાવો સામે આવતા પોલીસમાં ફરીયાદ નોંધાઈ હતી. જયારે રેસકોર્સમાં સાઈકલીંગ કરવા નિકળેલ વેપારીની ૧૦ વર્ષની પુત્રીની સાઈકલ પણ ચોરાઈ હોવાનો બનાવ સામે આવતા ગુનો નોંધાયો હતો. પ્રાપ્ત વિગત મુજબ કાલાવડના ખરેડી ગામે રહેતી ધારાબેન નીતીનભાઈ પંડયા (ઉ.૨૪) ગઈ તા.૭/૪ના ધર્મેન્દ્ર રોડ માર્કેટ પાસે કપડાની ખરીદી કરવા આવેલ હોય ત્યારે તેમની થેલીમાં રાખેલ મોબાઈલ ફોનની કોઈ અજાણ્યો શખ્સ તેમની નજર ચુકવી તફડંચી કરી નાસી છુટતા એ ડીવીઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.

જયારે વાવડીમાં રાધેશ્યામ ગૌશાળા પાસે ક્રિસ્ટલ રેસીડેન્સીમાં રહેતા અને પુજારા ટેલીકોમમાં મેનેજર તરીકે નોકરી કરતા અર્જુનભાઈ બીપીનભાઈ બરોચીયાની માતા જયોતીબેન ગઈ તા.૧૪ના ધર્મેન્દ્ર રોડ પર બાલાજી સેન્ડવીચની સામે ગુરૂકૃપા કીચન એપ્લાયની દુકાનમાં કામ ઉપર હતા ત્યારે તેઓએ ટેબલ ઉપર રાખેલ ફોન કોઈ અજાણ્યો શખ્સ તેમની નજર ચુકવી રૂા.૧૩ હજારના મોબાઈલની ચોરી કરી નાસી છુટયાની એ ડીવીઝન પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી.

તેમજ ન્યુ જાગનાથ પ્લોટ ઓમ શિવમ એપાર્ટમેન્ટમાં રહેતા અમીતભાઈ વિનોદરાય મહેતા ઉ.૪૮,ની ૧૦ વર્ષની પુત્રી વંશી ગઈ તા.૧૪ના રોજ સવારના ૯-૩૦ વાગ્યાની આસપાસ રેસકોર્સના ફુટબોલ ગ્રાઉન્ડથી બાલભવન વચ્ચે આવેલી ગલીમાં પોતાની સાયકલ પાર્ક કરેલ હતી. જે સાયકલની કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી નાસી છુટતા પ્ર.નગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

# રાજકોટના સરધાર નજીક કારમાંથી દેશી દારૂનો જથ્થો ઝડપાયોઃ ચાલક નાસી ગયો

રાજકોટ,

રાજકોટના સરધાર નજીક મકનપર -બોડપર ગામના રસ્તા પરથી કારમાંથી દેશી દારૂનો જથ્થો ક્રાઈમ બ્રાન્ચે ઝડપી રૂ.૫.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી નાસી છૂટેલા કારચાલકની શોધખોળ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ મેહુલ ગોંડલીયાની રાહબરીમાં એએસઆઈ રણજીતસિંહ પઢારીયા, કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે રાજકોટ ભાવનગર હાઈવે નજીકમાં આવેલ સરધારથી આગળ મકનપર -બોડપર ગામના રસ્તા પરથી દેશી દારૂના જથ્થા સાથે એક પીકઅપ ગાડી પસાર થવાની છે તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફ મકનપર - બાડપર રોડ પર વોચમાં હતાં ત્યારે પસાર થયેલ કાર અટકાવવાનો પ્રયાસ કરતાં કારચાલકે કાર ભગાડી મૂકી થોડે આગળ કાર રેઢી મૂકી નાસી છૂટ્યો હતો. બાદમાં સ્ટાફે કાર નં. જીજે-૧૩-એ ડબ્લ્યુ-૫૮૩૮ માં તપાસ કરતાં તેમાંથી પ્લાસ્ટીકના ૩૫ બાચકામાં ભરેલો દેશી દારૂ ૮૭૫ લીટરનો જથ્થો મળી આવતાં કુલ રૂ. ૫.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાર ચાલકની શોધખોળ હાથ ધરી હતી.

# રાજકોટમાં કારમાં ધોકા -લાકડી સાથે રોફ જમાવતા લુખ્ખાઓ પર પોલીસની ધોંસ

## પરા પીપળીયાના પાટીયા પાસેથી કારની ડેકીમાંથી ધોકા મળ્યા

રાજકોટ,

રાજકોટ શહેરમાં છરી ધોકા જેવા હથીયારો સાથે રોફ જમાવતા લુખ્ખાઓ પર પોલીસે ધોંસ બોલાવી પાંચ શખ્સો સામે કાર્યવાહી કરી ગુના નોંધ્યા હતા.

બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે જામનગર રોડ પર પરાપીપળીયાના પાટીયા પાસેથી પસાર થતી એક કારને અટકાવી તેમાં તપાસ કરતા ડેકીમાંથી લાકડાના બે ધોકા અને લાકડી મળી આવતા કાર ચાલક અમીત હેમંત મોરાણીયા (ઉ.૩૦) રે. શકિત સોસાયટી શેરી નં.૨/૨૮નો ખૂણો અને તેની સાથેના રાજ કીરીટ તુરીયા રહે. રણછોડનગર શેરી નં.૨૯ સામે કાયદેસરની કાર્યવાહી કરી ગુનો નોંધ્યો હતો.

જયારે બી ડીવીઝન પોલીસે સંતકબીર રોડના નાલાથી આગળ સર્વિસ રોડ પરથી શૈલેષ અમરશી સોલંકી (ઉ.૩૦) રે. સાગરનગર શેરી નં.૫, જુનો મોરબી રોડ પાસેથી લાકડી કબ્જે કરી હતી તેમજ સીટી સ્ટેશન પાસેથી વિકી નાથા દેલવાડીયા રહે. જુનો મોરબી રોડ સીટી સ્ટેશન પાસેને છરી સાથે તેમજ સંત કબીર રોડ ત્રીવેણી ગેટ પાસે જાહેર રોડ પરથી વિશાલ પ્રેમજી વાઢેર (ઉ.૨૭)ને છરી સાથે દબોચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# લોધિકાના રાવકીમાં સમાધાનના જમણવાર બાદ બે પરિવાર વચ્ચે સશસ્ત્ર ધીંગાણું : ચારને ઈજા

## માતાજીના માંડવામાં થયેલ માથાકુટે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુંઃ ધોકા, પાઈપ,તલવારના ધા : ૧૪ શખ્સો સામે ગુનો દાખલ

રાજકોટ,

લોધિકાના રાવકીમાં સમાધાનના જમણવાર બાદ બે પરિવાર વચ્ચે સશસ્ત્ર ધીંગાણું થતાં બે મહિલા સહિત ચાર લોકોને ગંભીર ઈજા પહોંચતા રાજકોટ સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે લોધિકા પોલીસે એક મહિલા સહિત ૧૪ શખ્સો સામે ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે લોધિકાના રાવકીમાં રહેતાં દિપકભાઈ ભીમજીભાઈ બગડા (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે રવિ રસીક બગડા,મનસુખ ભીખા બગડા, મુકેશ મનસુખ બગડા, પ્રેમજી ભીખા બગડા, રમેશ હીદા બગડા, પારૂલબેન મુકેશ બગડા અને કિશન પ્રેમજી બગડાનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ મજુરી કામ કરે છે.

તેમને સંતાનમાં બે પુત્રી છે. ગઈકાલે સવારના તેમના કુટુંબીભાઈ હરેશભાઈ દાનાભાઈ બગડાએ માતાજી નો ૨૪ કલાક નો નવરંગો માંડવો કરેલ હોય અને તેઓ માતાજીના ભુવા હોય જેથી સવારના તેઓ માતાજીના માંડવામાં ગયેલ હતાં. માંડવામાં અગિયારેક વાગ્યે કુટુંબી રવિ બગડા દારૂ પીધેલ હાલતમાં આવેલ અને ત્યાં લોકોને ગાળો દેવા લાગેલ જેથી કુંટુંબના આગેવાનો દ્વારા સમજાવેલ અને રવિ બગડાના મોટા બાપુ મનસુખભાઈએ રવિને સમજાવેલ અને કહેલ કે, ફરીથી આવુ નહી થાય અને આ બાબતે કુટુંબ દ્વારા સમાધાન થઈ ગયેલ હતો.

બાદમાં રાજુ બગડાના ધરે જમવાનુ હોય જેથી કુટુંબી જમવા માટે જતા હતા ત્યારે વાસમાં તેમના મોટા બાપુના પુત્ર કિશોરની પાછળ રવિ બગડા લાકડાનો ધોકો લઈ પાછળ થયેલ હતો. જેથી આ બાબતે મનસુખભાઈને કહેવા ગયેલ કે, રવિ બગડા તમે સમજાવેલ છે તો પણ કેમ ગાળો બોલે છે તેમ કહેલ જેથી રવિ બગડા ઉશ્કેરાઇ ગયેલ અને તલવાર અને મનસુખ બગડા તેમજ મુકેશ બગડા લોખંડનો પાઇપ લઇ આવેલ અને હુમલો કર્યો હતો. જેમાં યુવાનને ગંભીર ઈજા પહોંચી હતી. દરમિયાન તેઓને તેમના પત્ની મધુબેન અને કુટુંબી ભાભી મનીષાબેન, ભત્રીજો હરેશભાઈ લખમણભાઈ બગડાએ વધુ મારમાંથી બચાવવા જતા આરોપી જતા રહેલ હતાં. દરમિયાન તેઓની પત્ની સહિતનાઓને પણ મારમારી કહેલ કે, આ વખતે તો જીવતા જવા દીધેલ છે હવે આવ્યા તો જાનથી મારી નાંખવા છે તેવી ધમકી આપી હતી. બાદમાં ઈજાગ્રસ્તોને સારવારમાં ૧૦૮ મારફતે સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

જયારે સામાપક્ષે રાવકી ગામમાં નવા પ્લોટમાં રહેતાં મુકેશભાઈ મનસુખભાઇ બગડા (ઉ.વ.૩૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મુકેશ લાખા બગડા, છગન હમીર બગડા, ગોરા નારણ બગડા,દિપક ભીમજી બગડા, લખમણ દેવા બગડા, જયસુખ છગન બગડા અને લલીત ભલા નામના શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ કડીયાકામ કરે છે. ગઈકાલે સવારે તેમના કુટુંબીભાઇ રાજુભાઈ બગડાએ માતાજીનો નવરંગો માંડવો કરેલ હોય જેથી સવારના માતાજીના માંડવામાં ગયેલ હતો. માંડવામાં અગિયારેક વાગ્યે રવિ બગડા દારૂ પીધેલ હાલતમાં આવેલ અને ત્યાં કિશોરભાઈને ગાળો દેવા લાગેલ જેથી રવિને લઇ તેમના ઘરે આવતા રહેલ અને તેને સમજાવીને સામેવાળા સાથે સમાધાન થઈ ગયેલ હતું.

# રાજકોટમાં પેડક રોડ પટેલ પાર્ક સોસાયટીના ત્રીજા માળેથી પટકાતાં મહીલાનું મોત



રાજકોટ,

રાજકોટ શહેરનાં પેડક રોડ પટેલ પાર્ક સોસાયટીના ત્રીજા માળેથી પટકાતાં મહીલાનું મોત નિપજ્યું હતું. મૃતકની દિકરીએ બે મહિના પહેલાં લવ મેરેજ કર્યા હતા. બાદ તેણી ગુમસુમ રહેતી હતી. તેઓ ગઈકાલ બપોરનાં પોતાના મકાનમાંથી પટકાયા હતાં. મહીલાની સારવાર કારગત નીવડે તે પહેલા દમ તોડી દિધો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બિ ડિવિઝન પોલીસને જાણ કરી હતી.

બનાવની વિગત મુજબ રંજનબેન સુભાષભાઈ માને (ઉ.વ.૪૫ રહે. હાલ પટેલ પાર્ક સોસાયટી શેરી નં-૨ પેડક રોડ રાજકોટ, મૂળ વતન મહારાષ્ટ્ર) નામની આધેડ મહિલાએ ગઈકાલે બપોરના સાડા ચારેક વાગ્યાની આસપાસ પોતાનાં મકાનના ત્રીજા માળેથી પટકાતાં તાકીદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.રંજનબેનને સંતાનમાં એક દિકરો અને દિકરી છે. તેની દિકરી અર્પણાએ બે મહિના પહેલાં સંદીપ ગોંડલિયા નામનાં યુવક સાથે લવ મેરેજ કર્યા હતા. બાદ તેની માતા ગુમસુમ રહેતાં હતાં. દિકરીએ લવ મેરેજ કર્યા બાદ માતાએ દિકરીને મળવા વારંવાર પ્રયત્ન કર્યા છતાં દિકરીએ મળવાની જસાવ ના પાડી હતી. દિકરીએ તેની માતાને મળવાની ચોખી ના કહેતાં માતાને લાગી આવ્યુ હતું. અને તેઓ ગુમસુમ રહેતાં હતાં. ગઈ કાલ બપોરનાં પોતાનાં ઘરે હતાં ત્યારે ત્રીજા માળેથી પટકાયા હતા. બાદ તુરંત મહિલાને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાંસારવાર કારગત નીવડે તે પહેલા દમ તોડી દિધો હતો. બનાવની અંગે મૃતકના પરીવારમાં દુઃખનું મોજુંફરી વળ્યુ છે. પરિવાર અકસ્માતે પડી ગયાનું કહે છે. જોકે આ બનાવ અકસ્માતે બન્યો છે કે, આત્મહત્યા છે? તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં પિસ્તોલ અને દેશી તમંચા સાથે બે શખ્સો પકડાયા

રાજકોટ

એસઓજીની ટીમ પેટ્રોલીંગમાં દરમિયાન એએસઆઇ ફિરોઝભાઇ આઇ. શેખ અને હેડકોન્સ. ઉપેન્દ્ર સિંહ જે. ઝાલાને મળેલી પાક્કી બાતમી પરથી ભગવતીપરામાં નદી કાંઠે આવેલા શૌચાલય પાસેથી દાઉદ ઉર્ફ ભઇલો કદીરભાઇ શાહમદાર (ઉ.વ.૩૪-રહે. ભગવતીપરા આશાબા પીરની દરગાહ પાસે)ને પકડી લઇ તલાસી લેતાં નેફામાંથી દેશી બનાવટની રૂા. ૨૫ હજારની પિસ્તો લ મળી હતી. જેના પર મેઇડ ઈન યુએસએ ટી-૬૫નો માર્કો હતો. પિસ્તોલ સાથે રૂા. ૨૦૦ના બે જીવતા કાર્ટીસ પણ મળ્યા હતાં. ગુનો નોંધી ધરપકડ કરી પુછતાછ કરવામાં આવતાં તેણે શોખ ખાતર ભૈયા પાસેથી લીધાનું રટણ કર્યુ હતું. આ શખ્સજ અગાઉ અમદાવાદ ગ્રામ્યન એસઓજીના હાથે દસ કીલો ગાંજા સાથે પકડાતાં અમદાવાદ જેલમાં હતો. ચાર મહિના પહેલા જ જેલમાંથી છુટયો છે.આ કામગીરી પીઆઇ એમ. જે. કૈલા, પીએસઆઇ એમ. જે. આહિર, એએસઆઇ ડી. બી. ખેર, એએસઆઇ ફિરોઝભાઇ શેખ, હેડકોન્સ. ઉપેન્દ્રસિંહ ઝાલા, દિગ્વીાજયસિંહ ગોહિલ સહિતે કરી હતી.

જયાઝરે બીજા દરોડામાં એલસીબી ઝોન-૧ ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. વિજેન્દ્રસિંહ ઝાલા



અને કોનસ. રવિરાજભાઇ પટગીરને પાક્કી બાતમી મળતાં માલિયાસણ ચોકડીએ ઓવર બ્રીજ નીચેથી એક શખ્સને ઝડપી લેવાયો હતો. તેના નેફામાંથી દેશી બનાવટનો તમંચો મળતાં રૂા. દસ હજાર કિમત ગણી કબ્જે કરાયો હતો. પુછતાછમાં આ શખ્સે પોતાનું નામ મહમદ હાસમભાઇ દલ (ઉ.વ.૩૩-રહે. ભગવતીપરા આશાબા પીરની દરગાહ પાસે નદી કાંઠે) જણાવ્યું હતું. તેની સામે આર્મ્સ. એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. પ્રાથમિક પુછતાછમાં તેણે પોતે ટ્રકમાં હમાલી તરીકે મજૂરી કરતો હોઇ ચોટીલા તરફ ગયો ત્યારે એક યુપીના હિન્દીભાષી શખ્સધ સાથે ભેટો થયો હોઇ શોખ માટે તેની પાસેથી લીધુ હતું. સાચી વિગતો ઓકાવવા રિમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી છે. પીએસઆઇ બી. વી. બોરીસાગર, હેડકોન્સક. વિજેન્દ્ર સિંહ ઝાલા, જીતુભા ઝાલા, મનરૂપગીરી ગોસ્વામી, ધર્મરાજસિંહ જાડેજા, કોન્સ. હિતેષભાઇ પરમાર, દિવ્ય રાજસિંહ જાડેજા, સત્ય,જીતસિંહ જાડેજા સહિતે આ કામગીરી કરી હતી.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી સર્જ્નસિંહ પરમાર, એસીપી ક્રાઇમ બી. બી. બસીયાના માર્ગદર્શનમાં આ બંને કામગીરી થઇ હતી. ઉલ્લેખયિન છે કે એસઓજીએ શાપરના નિલેષ ચૌહાણને ગોંડલ રોડ પરથી પિસ્તોબલ-કાર્ટીસ સાથે પકડયો હતો. પરમ દિવસે ભક્તિએનગર પોલીસે શાપરના બુધ્ધસનગરના સોહિલ ઉર્ફ રહોન ખરેડીયાને પિસ્તોલ સાથે હુડકો ચોકડીએથી પકડયો હતો. તેમજ ગઇકાલે ક્રાઇમ બ્રાંચે માંડા ડુંગર પાસેથી જસમત ઉર્ફ જસાને પિસ્તો?લ કાર્ટીસ સાથે પકડયા બાદ હવે એસઓજી અને એલસીબી ઝોન-૧ ટીમે વધુ બે શખ્સને પિસ્તોલ તમંચા સાથે દબોચ્યાી છે.

ત્રણ શખ્સોએ હથીયારો પરપ્રાંતિય શખ્સો। પાસેથી લીધાનું અને બે જણાએ જેની પાસેથી લીધા હતાં એ ગુજરી ગયાનું રટણ કર્યુ હતું. ચાર દિવસમાં ગેરકાયદેસર હથીયારના પાંચ કેસ શોધી કાઢવામાં આવતાં આવી ગુનાગોરી સાથે સંકળાયેલા શખ્સોમાં ફફડાટ ફેલાયો છે.